RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 251, Dt.12-12-2023 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# જૂની પેન્શન યોજના ફરી લાગુ કરવા સામે RBIની ચેતવણી




## જૂની પેન્શન યોજના પુનઃસ્થાપિત કરવામાં આવશે તો રાજ્યોનું બજેટ વેરવિખેર થઈ જશેઃ એનપીએસની સરખામણીમાં ઓપીએસમાં ખર્ચ ૪.૫ ગણો વધશેઃ આરબીઆઈએ રાજ્યોની નાણાંકીય સ્થિતિ પર રિપોર્ટ જાહેર કર્યો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેન્દ્ર અને રાજ્યોમાં જૂની પેન્શન યોજના લાગુ કરવાની માંગ જોર પકડી રહી છે. ઘણા વિપક્ષ શાસિત રાજ્યોએ OPSને પુનઃસ્થાપિત કરવાનો નિર્ણય લીધો છે. દરમિયાન, આરબીઆઈના અહેવાલમાં જણાવાયું છે કે ઓપીએસને પુનઃસ્થાપિત કરવાથી, એનપીએસની તુલનામાં રાજ્યોનો ખર્ચ ૪.૫ ગણો વધશે. OPS થી વાર્ષિક વધારાનો બોજ વર્ષ ૨૦૬૦ સુધીમાં જીડીપીના ૦.૯ ટકા સુધી પહોંચી જશે. જોકે, કેન્દ્ર સરકારે સ્પષ્ટ કર્યું છે કે તેની પાસે OPS પુનઃસ્થાપિત કરવાનો કોઈ પ્રસ્તાવ નથી. ડિસેમ્બર ૨૦૦૩માં અટલ બિહારી વાજપેયી સરકાર દ્વારા OPS નાબૂદ કરવામાં આવી હતી. આ પછી, રાષ્ટ્રીય પેન્શન યોજના લાગુ કરવામાં આવી જે ૧ એપ્રિલ, ૨૦૦૪ થી અમલમાં છે.

RBIના રિપોર્ટ 'સ્ટેટ ફાઇનાન્સઃ અ સ્ટડી ઑફ બજેટ્સ ઑફ 2023-24 સોમવારે જારી કરવામાં આવ્યું હતું, આંતરિક અંદાજ મુજબ, જો તમામ રાજ્યો OPSને પુનઃસ્થાપિત કરે છે, તો સરકારનો નાણાકીય બોજ NPSની સરખામણીમાં ૪.૫ ગણો વધી શકે છે. OPS થી વાર્ષિક વધારાનો બોજ વર્ષ ૨૦૬૦ સુધીમાં જીડીપીના ૦.૯ ટકા સુધી પહોંચી જશે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે OPS ની છેલ્લી બેચ ૨૦૪૦ ના દાયકાની શરૂઆતમાં નિવળત્ત થશે અને OPS હેઠળ પેન્શન ૨૦૬૦ સુધી ચાલુ રહેશે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે કેટલાક રાજ્યોએ ઓપીએસને પુનઃસ્થાપિત કર્યું છે અને કેટલાક અન્ય રાજ્યો આ દિશામાં આગળ વધી રહ્યા છે. આનાથી રાજ્યો પર મોટો નાણાકીય બોજ પડશે અને તેઓ વિકાસ કાર્યો પર ખર્ચ કરી શકશે નહીં. તેથી, ઓપીએસની પુનઃસ્થાપના એ એક પછાત પગલું હશે. આ ભૂતકાળના સુધારાના ફાયદાને ભૂંસી નાખશે અને ભાવિ પેઢીઓના હિતોને નુકસાન પહોંચાડશે. રાજસ્થાન, છત્તીસગઢ, ઝારખંડ, પંજાબ અને હિમાચલ પ્રદેશની સરકારોએ ઓપીએસને પુનઃસ્થાપિત કર્યા છે. OPSમાં, તમને નિવૃત્તિ સમયે છેલ્લા મૂળભૂત પગારના ૫૦% સુધીનું નિશ્ચિત પેન્શન મળે છે,

# રાજસ્થાનના નવા સીએમ કોણ? સાંજે સસ્પેન્સનો આવશે અંત

## બીજેપી ધારાસભ્ય દળની બેઠક બપોર બાદ મળશેઃ કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથસિંઘ નિરિક્ષક તરીકે હાજરી આપશે

**મુખ્ય સમાચાર, જયપુર**

રાજ્યના આગામી મુખ્યમંત્રી કોણ હશે? મંગળવારે પડદો ઉઠશે. બીજેપી ધારાસભ્ય દળની બેઠક સાંજે ૪ વાગે મળશે. આ બેઠકમાં કેન્દ્રીય રક્ષા મંત્રી રાજનાથ સિંહ જેમને નિરીક્ષક બનાવવામાં આવ્યા છે તેઓ મુખ્યમંત્રીના નામની જાહેરાત કરશે. મુખ્યમંત્રીના ચહેરાની સાથે છત્તીસગઢ અને મધ્યપ્રદેશની તર્જ પર અહીં બે નાયબ મુખ્યમંત્રી પણ બનાવવામાં આવી શકે છે. વિધાનસભા અધ્યક્ષનું નામ પણ નક્કી થઈ શકે છે. એવી સંભાવના છે કે વિધાયક દળની બેઠક બાદ તે તરત જ રાજ્યપાલ પાસે જઈને સરકાર બનાવવાનો દાવો રજૂ કરી શકે છે.




રાજ્યમાં ૩ ડિસેમ્બરે ચૂંટણીના પરિણામો જાહેર થયા હતા. ૮ ડિસેમ્બરે જ રાજનાથ સિંહ, વિનોદ તાવડે અને સરોજ પાંડેની પણ કેન્દ્રીય નિરીક્ષક તરીકે જાહેરાત કરવામાં આવી હતી. ત્રણેય નિરીક્ષકો મંગળવારે બપોરે જયપુર પહોંચી જશે. ધારાસભ્યોને સવારે ૧૧ થી ૧ વાગ્યાની વચ્ચે ભાજપ કાર્યાલય પર પહોંચવાની સૂચના આપવામાં આવી છે. ધારાસભ્યોની નોંધણી ૧ વાગ્યા પછી શરૂ થશે. આ પછી લગભગ ચાર વાગ્યે ધારાસભ્ય દળની બેઠક શરૂ થશે. રાજ્ય પ્રભારી અરુણ સિંહ સોમવારે બેઠકમાં ભાગ લેવા જયપુર પહોંચ્યા હતા. આ બેઠકમાં પ્રદેશ અધ્યક્ષ સીપી જોષી પણ હાજર રહેશે.સ્રસ્ર

છત્તીસગઢ અને મધ્યપ્રદેશમાં પાર્ટીએ ધારાસભ્યોમાંથી મુખ્યમંત્રીની ઘોષણા કરી છે. એવું માનવામાં આવે છે કે રાજસ્થાનમાં પણ આ જ ફોર્મ્યુલા અપનાવવામાં આવશે. ધારાસભ્યોમાંથી માત્ર એકને જ મુખ્યમંત્રી બનાવવામાં આવશે. મુખ્યમંત્રી, બે નાયબ મુખ્યમંત્રી અને વિધાનસભા અધ્યક્ષના પદોમાંથી એક મહિલાને આપવામાં આવે તેવી શકયતા છે. કારણ એ છે કે છત્તીસગઢ અને મધ્યપ્રદેશમાં આ પદો પર કોઈ મહિલાનો સમાવેશ કરવામાં આવ્યો નથી. આવી સ્થિતિમાં રાજસ્થાનમાં આમાંથી કોઈપણ એક પદ પર મહિલાનું નામ સામેલ થઈ શકે છે.


કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ બપોરે લગભગ ૧૨ વાગ્યે જયપુર પહોંચવાના છે. અહીંથી તેઓ જવાહર સર્કલ સ્થિત હોટલ પહોંચશે. તેઓ ૩:૩૦ સુધી અહીં રોકાશે. આ પછી તેઓ ભાજપ કાર્યાલય આવશે. માનવામાં આવી રહ્યું છે કે ધારાસભ્ય દળની બેઠક પહેલા રાજનાથ સિંહ કેટલાક મોટા નેતાઓ સાથે અંગત મુલાકાત પણ કરી શકે છે. રાજનાથ સિંહ સાંજે લગભગ સાત વાગ્યે જયપુરથી રવાના થવાના છે. ધારાસભ્ય દળની બેઠકના થોડા સમય પહેલા કોર કમિટીની બેઠક પણ યોજાઈ શકે છે.

# દેશભરમાં શિયાળાની જમાવટઃ ઉત્તર પૂર્વ રાજ્યમાં ઠંડીનો કહેર

## શ્રીનગરમાં તાપમાનનો પારો માઈનસમાં પહોંચ્યોઃ પહાડી વિસ્તારોમાં હિમવર્ષા સાથે વરસાદ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશભરમાં હવે શિયાળાએ જમાવટ શરૂ કરી છે છેલ્લા કેટલાક દિવસોથી ઘણા રાજ્યોમાં તાપમાનમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. દેશની રાજધાની દિલ્હી સહિત ઉત્તર-પૂર્વના રાજ્યોમાં ઠંડીનો કહેર જોવા મળી રહ્યો છે. ઈંખઉ અનુસાર, દિલ્હીમાં સિઝનની સૌથી ઠંડી સવાર હતી. તે જ સમયે, જમ્મુ-કાશ્મીરમાં પારો શૂન્યથી અનેક ડિગ્રી નીચે પહોંચી ગયો છે. દિલ્હી-ગઈછ્રો અચઈ ગંભીર શ્રેણીમાં પહોંચી ગયો છે. આ સાથે વિઝિબિલિટી ઓછી હોવાના કારણે ટ્રાફિકને પણ અસર થઈ રહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી દિવસોમાં ઠંડી વધુ તીવ્ર બનવા જઈ રહી છે. આ સાથે કેટલાક રાજ્યોમાં વરસાદની સંભાવના પણ વ્યક્ત કરવામાં આવી છે.



હવામાન વિભાગના જણાવ્યા અનુસાર સોમવારે દિલ્હીમાં મોસમની સૌથી ઠંડી સવાર નોંધાઈ હતી. લઘુત્તમ તાપમાનનો પારો ૬.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયો હતો જે સિઝનના સરેરાશ તાપમાન કરતાં ત્રણ ડિગ્રી ઓછો છે. છેલ્લા કેટલાક દિવસોથી તાપમાનમાં ઘટાડો થઈ રહ્યો છે. દિલ્હીની સ્ટાન્ડર્ડ ઓબ્ઝર્વેટરી સફદરજંગ ખાતે લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં ત્રણ ડિગ્રી ઓછું નોંધાયું હતું. આજે સવારથી ઠંડીનો અહેસાસ વધ્યો છે.

દિલ્હીની હવાની ગુણવત્તા હજુ પણ નખૂબ નબળીથ શ્રેણીમાં છે. ઓછી વિઝિબિલિટીના કારણે રેલ, હવાઈ અને રોડ ટ્રાફિકને અસર થઈ રહી છે. જો કે, સેન્ટ્રલ એર ક્વોલિટી મેનેજમેન્ટ કમિશન અનુસાર, ડિસેમ્બરના પ્રથમ દસ દિવસમાં પ્રદૂષણનું સ્તર છેલ્લા છ વર્ષમાં સૌથી ઓછું છે. પહાડો પર હિમવર્ષા સાથે હળવો વરસાદ પડી રહ્યો છે. આ સાથે પવનને કારણે ઠંડક પ્રસરી જતાં લોકોનું ઘરની બહાર નીકળવાનું બંધ થઈ ગયું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, જમ્મુ-કાશ્મીરના શ્રીનગરમાં તાપમાનનો પારો માઈનસ ૪.૪ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચી ગયો છે. આ સિવાય ગુલમર્ગમાં તાપમાનનો પારો માઈનસ ૪.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી દિવસોમાં તાપમાનનો પારો વધુ ગગડવાની શકયતા છે.

# પેટ્રોલ-ડીઝલના ભાવમાં મોટો ઘટાડો થવાની સંભાવના

## ઓઈલ મંત્રાલયએ ઓએમસીની સાથે ક્રુડ ઓઈલ વિરુદ્ધ છુટક કિંમતની સ્થિતિ પર ચર્ચા કરીઃ લોકસભા ચૂંટણી પહેલા ભાવ ઘટાડાનો લાભ સામાન્ય નાગરિકો સુધી પહોચાડે તેવી ચર્ચાઓ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સામાન્ય નાગરિકોને ખુબ જ જલ્દીથી એક ખુશખબરી મળી શકે છે. આ ખુશખબરીમાં એવા સમાચાર છે કે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો કરી શકાય છે. એક મીડિયા રિપોર્ટ પ્રમાણે સરકારે ૨૦૨૪ ની લોકસભા ચૂંટણી પહેલા વૈશ્વિક કાચા તેલની કિંમતોમાં આવેલ ઘટાડોના લાભ સામાન્ય નાગરિકો સુધી પહોચાડે તેવી ચર્ચાઓ ચાલી રહી છે. તમને જણાવી દઈએ કે, છેલ્લા એક વર્ષથી પેટ્રોલ- ડીઝલના ભાવ સ્થિર છે અને હવે તેમા ઘટાડો કરી શકાય તેવી આશા છે.



વર્ષ ૨૦૨૨માં પેટ્રોલ પર રુપિયા ૧૭ પ્રતિ લીટર અને ડીઝલ પર રુપિયા ૩૫ પ્રતિ લીટરના નુકસાન હોવા છતાં ઓએમસી હાલમાં પેટ્રોલ પર ૮-૧૦ રુપિયા પ્રતિ લીટર અને ડીઝલ પર ૩-૪ રુપિયા પ્રતિ લીટરનો લાભ કમાઈ રહ્યા છે. રિપોર્ટ પ્રમાણે ઓઈલ મંત્રાલય પહેલાથી જ ઓએમસીની સાથે ક્રુડ ઓઈલ વિરુદ્ધ છુટક કિંમતની સ્થિતિ પર ચર્ચા કરી લીધી છે. રિપોર્ટમાં આગળ કહ્યું છે કે, ઓઈલ માર્કેટિંગ કંપનીઓ હવે વધારે નફો કમાઈ રહી છે. એટલે સરકાર હવે લોકોને થોડી રાહત આપવા માટે આ મામલે ચર્ચાઓ શરુ કરી છે. નાણા મંત્રાલય અને ઓઈલ મંત્રાલય વર્તમાન પરિસ્થિતિ પર ક્રુડ ઓઈલની કિંમત પર વિચાર કરી રહી છે. રિપોર્ટમાં એ પણ કહ્યુ છે કે, ઘખઈની નફા સાથે વૈશ્વિક કારણો પર પણ ચર્ચા કરી રહી છે.

છેલ્લા ત્રણ મહિનાઓમાં મજબુત નફાના કારણે ઓએમલસીનું કુલ નુકસાન ઓછુ થયુ છે. રિપોર્ટમાં કહેવામા આવ્યું છે કે, ત્રણ OMC - IOC, HPCL અને BPCL નો સંયુકત નફો છેલ્લા ત્રણ મહિનાઓમાં ૨૮૦૦૦ કરોડ રુપિયા રહ્યો હતો. જેમા ઓએમસીની રિકવરી પુરી થઈ ગઈ છે, એટલે સરકાર વિચારી રહી છે કે, વપરાશકર્તાઓને તેનો લાભ મળવો જોઈએ.

# મેડીકલેમ પોલીસી ધરાવતા દર્દીને હવે હોસ્પિટલોએ આપવી પડશે કેશલેસ સુવિધા

**મુખ્ય સમાચાર, મુંબઈ**

અનેક હોસ્પીટલો અન્ય ચોકકસ વિમા કંપની સાથે જ કેશલેસ સારવારના કરાર છે તેવું જણાવી કરારમાં સામેલ ના હોય તે વિમા કંપનીઓની મેડીકલેમ પોલીસી ધરાવતા દર્દીને કેશલેસની સુવિધા નહી આપવાનું બહું જલ્દી ભૂતકાળ બની જશે. વિમા ઓથોરીટી દ્વારા જે નવો નિયમ અમલી બનાવવામાં આવી રહ્યો છે તે મુજબ તમારી પાસે મેડીકલેમ અને તેમાં કેશલેસ સારવારનો વિકલ્પ હોય તો કોઈ હોસ્પીટલ પછી કેશલેસ સારવારનો ઈન્કાર કરી શકશે નહી. તા.૧ જાન્યુઆરીથી આ નવો નિયમ અમલી બની જશે.




અનેક હોસ્પીટલે તેની પેનલમાં હોય તે જ વિમા કંપનીઓની પોલીસી પર કેશલેસ સારવાર આપે છે જેથી જો હોસ્પીટલ પેનલમાં ના હોય તેવી વિમા કંપનીની પોલીસી ધરાવનાર દર્દીએ ફરજીયાત એડવાન્સ પેમેન્ટ કરવું પડે છે. હાલ વિમા કંપનીએ અલગ અલગ હોસ્પીટલો સાથે અલગ અલગ કરાર અને તેવા ટ્રીટમેન્ટના દર તથા પેકેજ હોય છે અને તેમાં હવે ઈરડાના પ્રસ્તાવ મુજબ જો જે તે હોસ્પીટલમાં તમારી વિમા કંપની પેનલ મરનાર હોય તો પણ તે જે પેનલ પરની વિમા કંપની હોય તેના જે સારવાર પેકેજ દર હોય તે તમારા પર લાગું કરીને પણ કેશલેસ સારવાર આપશે.

ભારતમાં કેશલેસ સારવારની લોકપ્રિયતા વધતી જાય છે. ૫૩% દર્દીઓ આ પ્રકારની સારવાર મેળવે છે તેના પરિણામે હવે ઈરડા એક નકોમન લીસ્ટથ તૈયાર કરશે જેમાં દરેક વિમા કંપનીઓ અને દરેક હોસ્પીટલો સામેલ હશે. જેના કારણે ઓવરચાજીર્ગમાં પણ બ્રેક લાગશે. આ કોમન પેનલ બાદ કેશલેસ સારવાર તમામ હોસ્પીટલો આપશે. આ માટે એક સેન્ટ્રલાઈઝ નેટવર્ક પણ ઉભુ કરાશે.

# સેટેલાઈટ તસવીરોમાં ચીનની દાંડાઈના પુરાવા, વાટાઘાટો વચ્ચે ભૂતાનમાં ઊભી કરી ચોકીઓ, ગામ પણ વસાવ્યા

## આ વિસ્તાર અરૂણાચલ પ્રદેશને અડીને આવેલા ભૂતાનની પુર્વ સરહદથી લગભગ ૫૦ કિલોમીટર દુર આવેલો છે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભૂતાન અને ચીન વચ્ચે ઔપચારિક રીતે સીમાઓ નક્કી કરવા માટે હાલમાં વાટાઘાટો ચાલી રહી છે, ત્યારે ચીન દ્વારા ભૂતાનમાં ઉત્તરી ભાગમાં જકરલુંગ ઘાટીમાં એકતરફી ચોકીઓ બનાવવાની કામગીરી જોવા મળી છે.

આ વિસ્તારની સેટેલાઈટ તસ્વીરોમાં માહિતી પ્રાપ્ત થઈ છે, જો કે આ પહેલા પણ તેનાથી વધારે સ્પષ્ટ દેખાતી તસ્વીરો ક્યારેય જોવા મળી નથી. તેને જોતા લાગે છે કે, સંભવિત રીતે થિમ્ફુની નજીકના વિસ્તારમાં ચીન દ્વારા રજુ કરવામાં આવેલા તથ્યો સ્વીકારવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. આ વિસ્તાર અરુણાચલ પ્રદેશને અડીને આવેલા ભૂતાનની પુર્વ સરહદથી લગભગ ૫૦ કિલોમીટર દુર આવેલો છે.




યુનિવર્સિટી ઓફ લંડનની સ્કૂલ ઓફ ઓરિએન્ટલ આફ્રિકન સ્ટડીઝ (SOAS)માં ઈતિહાસના પ્રોફેસર રોબર્ટ બાર્નેટનું કહેવુ છે કે, '' આ મામલો છે ચીન દ્વારા પશુપાલનની પ્રથાઓના આધારે એક વિસ્તાર પર દાવાનો કેસ છે, જે હાલનો જ છે, આ પહેલા ત્યા ક્યારેય આવું બન્યું નથી, અને તે પછી એકતરફી રીતે તેણે આ વિસ્તાર પર કબજો જમાવી લીધો છે, જેમા ગામ, લશ્કરી બેરેક અને ચોકીઓ બનાવવાનું શરુ કરી દેવામાં આવ્યું છે. ''

તેમણે વધુમાં કહ્યું કે, જાકરલુંગનું કનેક્શન બેયુલ ખેનપાજોંગ સાથે રહેલુ છે, જે ભૂતાનિયો માટે એક સાંસ્કૃતિક અને ધાર્મિક વિસ્તાર છે,. એટલે આ એક એવો મામલો છે, જેમાં ચીને તાજેતરમાં શંકાસ્પદ રીતે એવા વિસ્તાર પર દાવો કર્યો છે કે તેના ઓછા શક્તિશાળી પાડોશી માટે વિશેષ સાંસ્કૃતિક મહત્વ ધરાવે છે, અને તે એ જાણે છે કે, પાડોશી પાસે તેના જવાબ આપવા માટે બહુ ઓછા વિકલ્પ છે.


એક રિપોર્ટ પ્રમાણે તસવીરોમાં જોવા મળે છે કે, ચીને કેવી રીતે માત્ર બે વર્ષમાં જ જાકરલુંગ ઘાટીમાં પોતાની હાજરી વધારી દીધી છે. જેમાં ૭ ડિસેમ્બરની તસવીરમાં જોવા મળે છે કે, ૧૨૯ ઈમારતો નવી બનાવેલી જોવા મળે છે. જે રહેવા માટેના ક્વાર્ટર જેવા દેખાય છે, અને તેનાથી થોડેક દુર બીજા વિસ્તારમાં ૬૨ ઈમારતો તસ્વીરમાં જોવા મળી રહી છે. જ્યારે આ જ વિસ્તારની વર્ષ ૨૦૨૧માં લીધેલી તસવીરમાં જોઈ શકાય છે કે ત્યા કોઈ ઈમારતોનું નિર્માણ થયેલુ નથી.

# હવે ઓસ્ટ્રેલિયાના વિઝા મેળવવા મુશ્કેલ બનશેઃ ભારતીય વિદ્યાર્થીઓ માટે કડક નિયમો

## ઓસ્ટ્રેલિયાએ ૨ વર્ષમાં ઈમિગ્રેશન સંખ્યામાં અડધોઅડધ ઘટાડવાના લક્ષ્યાંકના ભાગરૂપે નિયમો કડક બનાવ્યાઃ ઓસ્ટ્રેલિયાએ ૨૦૨૨-૨૦૨૩માં ઈમિગ્રેશનોની સંખ્યા રેકોર્ડ ૫.૧૦ લાખ નોંધાયા બાદ આ નિર્ણય લીધો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

બ્રિટન અને કેનેડાએ વિઝા નિયમો કડક બનાવ્યા બાદ હવે ઓસ્ટ્રેલિયાએ પણ પોતાના વિઝા નિયમો કડક બનાવ્યા છે. હવે આ ત્રણેય દેશોના વિઝા મેળવવામાં ભારતીયોને મુશ્કેલી પડી શકે છે. ઓસ્ટ્રેલિયાએ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ અને કુશળ શ્રમિકો માટેના વિઝાના નિયમો કડક કરવાની જાહેરાત કરી છે. ઓસ્ટ્રેલિયાએ આગામી ૨ વર્ષમાં પ્રવાસીઓની સંખ્યામાં અડધો કરવાના લક્ષ્યાંકના ભાગરૂપે આ નિર્ણય લીધો છે. સમાચાર એજન્સી રોયટર્સના રિપોર્ટ મુજબ નવા નિયમોમાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓએ અંગ્રેજી પરીક્ષામાં ઉચ્ચ રેટિંગ મેળવવાની જરૂર પડશે. ઉપરાંત જે વિદ્યાર્થીઓ ઓસ્ટ્રેલિયામાં લાંબા સમય સુધી રહેવા ઈચ્છે તો તેમના બીજી વખતના વિઝામાં ઊંડી તપાસ કરાશે. ઓસ્ટ્રેલિયાના ગૃહમંત્રી કલેયર ઓ'નીલે પ્રેસ કોન્સરન્સમાં જણાવ્યું કે, દેશના ભવિષ્ય માટે તેમજ દેશમાં વધતી જતી પ્રવાસીઓની સંખ્યામાં ઘટાડો કરવાની અમારી રણનીતિ છે.




ઓસ્ટ્રેલિયાએ ૨૦૨૨-૨૦૨૩માં ઈમિગ્રેશનોની સંખ્યા રેકોર્ડ ૫.૧૦ લાખ નોંધાયા બાદ આ નિર્ણય લીધો છે. ગૃહમંત્રીએ કહ્યું કે, ૨૦૨૨-૨૩માં ઈમિગ્રેશનોની સંખ્યામાં સૌથી વધુ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ નોંધાયા છે.

ભારતીય વિદ્યાર્થીઓ પણ અભ્યાસ માટે ઓસ્ટ્રેલિયા જતા હોય છે. ગ્લોબલ ડેટા અને બિઝનેસ ઈન્ટેલિજન્સ પ્લેટફોર્મ Statistaના અહેવાલો મુજબ જુલાઈ-૨૦૨૩ સુધીમાં ઓસ્ટ્રેલિયામાં ૧,૧૮,૮૬૯ ભારતીય વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. ઓસ્ટ્રેલિયાના ગૃહમંત્રાલયની વેબસાઈટ મુજબ જૂન-૨૦૨૧ સુધીમાં ૭,૧૦,૩૮૦ ભારતીય મૂળના લોકો ઓસ્ટ્રેલિયામાં સ્થાયી થયા છે, જ્યારે જૂન-૨૦૧૧માં આ આંકડો ૩,૩૭,૧૨૦ હતો. બ્રિટન બાદ ઓસ્ટ્રેલિયામાં સૌથી વધુ ભારતીય મૂળના લોકો રહે છે, તો અગાઉ કેનેડા અને બ્રિટને પણ વિઝા નિયમોને કડક બનાવ્યા છે.

કેનેડામાં ભણવા જતાં વિદ્યાર્થીઓએ પહેલી જાન્યુઆરી ૨૦૨૪થી આજીવિકા ખર્ચની નાણાંકીય જરૂરિયાત પેટે દસ હજાર કેનેડિયન ડોલરને બદલે બમણાં એટલે કે ૨૦,૬૩૫ ડોલર બતાવવા પડશે તેમ ઇમિગ્રેશન પ્રધાન માર્ક મિલરે જાહેર કર્યું હતું. કેનેડાની સરકારના આ પગલાંથી ભારતમાંથી કેનેડા ભણવા જતાં વિદ્યાર્થીઓએ વધારે નાણાંની જોગવાઇ કરવી પડશે. કેનેડામાં ૨૦૨૨માં સૌથી વધારે ૩,૧૯,૦૦૦ ભારતીય સ્ટુડન્ટ સ્ટડી પરમીટ હોલ્ડર્સ હતા. હાલ કેનેડા ભણવા જતાં વિદ્યાર્થીએ પ્રવાસ અને શિક્ષણ ખર્ચ ઉપરાંત દસ હજાર કેનેડિયન ડોલર તેમની પાસે હોવાનું દર્શાવવું પડે છે. દસ હજાર ડોલરની જરૂરિયાત છેલ્લા બે દાયકાથી યથાવત હતી. હવે સ્ટેટેસ્ટિકસ કેનેડા બેન્ચમાર્ક અનુસાર આજીવિકા ખર્ચ દર વર્ષે વધે તે રીતે આ રકમમાં વધારો ઘટાડો કરવામાં આવશે. મિલરે જણાવ્યું હતું કે આજીવિકા ખર્ચની સામે નાણાંકીય જરૂરિયાત ઘણાં સમયથી વધારવામાં આવી ન હોવાથી કેનેડામાં આવતાં વિદ્યાર્થીઓને તેમની પાસેનું ભંડોળ અપૂરતું જણાય છે.

બ્રિટનમાં ઋષિ સુનક સરકારે તાજેતરમાં જ વિઝા (અઊં ટશતફ) મામલે મોટો નિર્ણય લીધો હતો. સુનક સરકારે સંસદમાં નવો કાયદો લાવી છે, જેમાં વીઝાથી લઈને ૫ નવા નિયમો જારી કરવામાં આવ્યા છે. આ નવા નિયમોને કારણે બ્રિટનમાં રહેવાની, કામ કરવાની અને ભણવાની ઈચ્છા રાખનારાઓ માટે મોટી મુશ્કેલી સર્જાશે. આ નિયમોને કડક બનાવી આગામી વર્ષે યોજાનાર ચૂંટણી પહેલા ઈમિગ્રેશન પર અંકુશ લગાવવાનો પણ પ્રચાર કરવામાં આવી રહ્યો છે. સરકારે સંસદમાં નવો કાયદો રજુ કર્યા બાદ કહ્યું, આ બિલને આગામી વર્ષે એપ્રિલ-૨૦૨૪થી લાગુ કરવાની જાહેરાત કરાઈ છે. બ્રિટનના ગૃહ કાર્યાલયે કહ્યું કે, આ નિર્ણયથી લગભગ ૩ લાખ લોકોને અસર થઈ શકે છે. નવો કાયદો લાગુ થયા બાદ અહીં આવનારા લોકો બ્રિટનના સ્કિલ્ડ વર્કર વિઝાનો ઉપયોગ નહીં કરી શકે.

# મોરબીના સર્કિટ હાઉસ પાસેથી ચોરીના ૧૨ મોબાઇલ તથા ચોરાઉ બાઈક સાથે એકને દબોચી લેતી ક્રાઈમ બ્રાંચ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ક્રાઇમ બ્રાંચ પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે માળીયા ફાટક સર્કિટ હાઉસ પાસેથી એક રીઢા મોબાઇલ ચોરને ચોરાઉ બાઈક સાથે ઝડપી લઇ આરોપીની અંગ ઝડતીમાં ચોરીના અલગ અલગ કંપનીના ૧૨ મોબાઇલ મળી આવતા તમામ મોબાઇલ ચોરીથી મેળવેલની કબૂલાત આપતા પકડાયેલ આરોપી વિરુદ્ધ ગુન્હો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.



મોરબી એલસીબી પોલીસ ટીમને ખાનગીરાહે હકિકત મળેલ કે, આરોપી રાકેશ ભુપતભાઇ રહે.મોરબી,સામાકાંઠે જે મોરબી જીલ્લા વિસ્તારમાં આવેલ સિરામીક એકમોમાં મજુરીકામ કરતા મજુરની ઓરડીમાંથી તથા માણસોની નજર ચૂકવી ચોરી કે છળકપટથી મેળવેલ મોબાઇલ ફોન સાથે મોરબી સર્કીટ હાઉસ સામે રોડ ઉપરથી મોબાઇલ ફોન વેચવા કે સગેવગે કરવાની પેરવી કરવા આવવાનો હોય જે મળેલ હકીકત આધારે પોલીસ ટીમ વોચમાં હોય તે દરમિયાન રાકેશ ભુપતભાઇ સકેરા હીરો હોન્ડા કંપનીનું મોટર સાયકલ રજી.ન્નઉં-૨૭-અચ-૪૯૮૨ ઉપર આવતા જેને રોકી તેની ઝડતી તપાસ કરતા તેની પાસેથી અલગ અલગ કંપનીના કુલ મોબાઇલ ફોન નંગ -૧૨ મળી આવેલ તથા તેની પાસે રહેલ મો.સા. ના કાગળો તથા આધાર પુરાવા માંગતા પોતાની પાસે નહી હોવાનું જણાવતા તેને મોરબી એલ.સી.બી.કચેરી ખાતે લાવી મોબાઇલ ફોન બાબતે સઘન પુછપરછ કરતા આ મોબાઇલ તેણે અલગ અલગ તારીખ સમયે અલગ અલગ વિસ્તાર ખાસ કરી પાવરચાળી, ઢુવા માટેલ રોડ ઉપર આવેલ કારખાનાની મજુરોની ઓરડીઓમાંથી આ મોબાઇલ ફોન ચોરી કે છળકપટથી સેરવીને મેળવેલ હોવાનુ હોવાનુ જણાવતા હોય જેથી પકડાયેલ આરોપી રાકેશ ભુપતભાઇ સકેરા ઉવ-૨૦ રહે.સામાકાંઠે, કુળદેવી પાન પાછળ, મફતીયાપરા, મોરબી-૦૨, પાસેથી અલગ અલગ કંપનીના મોબાઇલ ફોન નંગ-૧૨ કિ.રૂ.૮૧,૦૦૦/- તથા મો.સા. કિ.રૂ. ૧૦,૦૦૦/- નું મળી કુલ રૂ. ૯૧,૦૦૦/- નો મુદામાલ સી.આર.પી.સી.કલમ-૧૦૨ મુજબ કબજે કરી મોરબી સિટી બી ડિવી. પોલીસ સ્ટેશન ખાતે આગળની કાર્યવાહી અર્થે સોંપવામાં આવ્યો હતો.

# મોરબી નગરપાલિકા દ્વારા વધુ એક ગેરકાયદે કોમર્શિયલ કોમ્પ્લેક્સના બાંધકામની મંજૂરી રદ્દ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં વધુ એક ગેરકાયદે નિર્માણાધીન કોમર્શિયલ કોમ્પ્લેક્સની બાંધકામ મંજૂરી રદ્દ થયાનો બનાવ સામે આવ્યો છે. જેમાં આમ જોવા જઇયે તો મોરબીની વર્ષો જૂની સોસાયટીના લોકો માટે ચેતવણીરૂપ કિસ્સો સામે આવ્યો છે.નવા બસ સ્ટેન્ડ સામે સોસાયટીમાં આકાર પામી રહેલા કોમ્પ્લેક્સ સોસાયટીના પ્લોટમાં થઇ રહ્યા હોય જે બાબત સોસાયટીના પ્રમુખ સહિતં રહીશોના ધ્યાને આવતા પાલિકામાં અને કલેક્ટરમાં રજૂઆતના પગલે તપાસ કરતા આ કોમ્પ્લેક્સ ગેરલાયક ગણાવી બાંધકામની મંજુરી રદ્દ કરવામાં આવી હતી.





પ્રાપ્ત માહિતી અનુસાર મોરબીના નવા બસ સ્ટેશન સામે આવેલી સરકારી કર્મચારી ઘર બાંધનારી મંડળી લી. ના પ્રમુખ રોહિતભાઈ કન્ઝારિયાની યાદીમાં જણાવવામાં આવેલ મુજબ આ સોસાયટીની સ્થાપના ૧૯૬૨માં થયેલ. જેમાં ૨૪ પ્લોટ ધારકો વર્ષોથી રહેણાંક મકાનમાં રહે છે. આ સોસાયટીમાં અંદાજે એકાદ મહિના પેહલા સોસાયટીના સભ્યોની જાણ બહાર બે પ્લોટમાં (પ્લોટ ન. ૧અ અને ૧બ) આસ્થા બિલ્ડર દ્વારા કોમર્સીયલ કોમ્પ્લેક્સ બનાવવાનું શરુ કરવામાં આવ્યું, જેનો સોસયટીના રહીસો દ્વારા વિરોધ નોંધાવામાં આવ્યો, આ ઉપરાંત ઉપરોક્ત બિલ્ડર દ્વારા સોસાયટીના સાર્વજનિક પ્લોટને પણ નુકસાન પહોંચાડવામાં આવેલ છે.

ત્યારે અનેકવાર રજૂઆત કરવા છતાં પણ કામ ચાલુ રહેતા સોસાયટીના સભ્યો દ્વારા કલેકટર કચેરી અને નગર પાલિકાનો સંપર્ક કરી જાણ કરવામાં આવતા ગઈ કાલે ઉપરોક્ત બાંધકામ ગેરલાયક ગણાવી બાંધકામ સ્થગિત કરવાનો હુકમ નગરપાલિકા દ્વારા કરવામાં આવ્યો હતો. ઉપરોક્ત નિર્ણય આવતા સોસયટીના હોદેદારો તેમજ રેહવાસીઓએ મળેલ ન્યાયને વધાવી લઇ સરકારશ્રી ના તમામ અધિકારીઓનો આભાર વ્યક્ત કરેલ.

# રાષ્ટ્રિય ઊર્જા બચત પર્વ અંતર્ગત પીજીવીસીએલ મોરબી દ્વારા વીજ બચત અને વીજ સલામતીનો હેતુ સિદ્ધ કરવા માટે રેલીનું આયોજન

**મુખ્ય સમાચાર, ઋષિ મેહતા**

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ ડીસેમ્બર -૨૦૨૩ ઊર્જા બચત માસ પર્વની ઉજવણી અંતર્ગત ઊર્જા બચતની જાગૃતિ કેળવવા તથા ખરા અર્થમાં ઊર્જા બચતનો સંદેશ છેવાડાના ગ્રાહક સુધી પહોચાડવા તા ૧૧-૧૨-૨૦૨૩ થી ૧૬-૧૨-૨૦૨૨ સુધી ઊર્જા સપ્તાહની ઉજવણી કરી રહ્યું છે આમ ઊર્જા બચત માસ અને ઊર્જા સપ્તાહ ની ઉજવણી અંતર્ગત તા ૧૪/૧૨/૨૦૨૩ ના રોજ પીજીવીસીએલ મોરબી દ્વારા વીજ સલામતી અને વીજ બચત રેલીનું આયોજન કરેલ છે ,જેમાં સલામતી તથા ઉર્જા બચત અંગે ના બેનર સાથે પેમ્ફલેટ નું વિતરણ દ્વારા જન જાગૃતિ અંગે નું આયોજન કરેલ છે. રેલી, સવાર ના ૦૯-૩૦ કલાકે પાવર હાઉસ કમ્પાઉન્ડ થી ગેંડા સર્કલ થી મયુર પુલ થી નગર દરવાજા થી રવાપર રોડ થી નવા બસ સ્ટેન્ડ થી ઉમિયા સર્કલ થી ભક્તિનગર સર્કલે રેલી પૂર્ણ થશે. જે એસ.એચ. રાઠોડ અધિક્ષક ઇજનેર વર્તુળ કચેરી મોરબી દ્વારા જણાવાયું છે.

# દ્વારકા જિલ્લાના ગુજસીટોકના ગુનામાં બિચ્છુ ગેંગનો ફરાર આરોપી ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

દ્વારકા જીલ્લાના પોલીસ અધિક્ષક નિતેશ પોડયએ પેરોલ જમ્પ, ફર્લો ઉપરથી ફરાર, વચ્ચગાળાના જામીન ઉપરથી ફરાર તેમજ નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સબબે કરેલ સૂચના અને માર્ગદર્શન આધારે એલ.સી.બી.ના પોલીસ ઇન્સ.કે કે. ગોહિલના નેતૃત્વ હેઠળ પો.સ.ઇ એસ.વી.ગળચર ઉક્ત બાબતે હ્યુમન સોર્સિશ તેમજ ટેકનીકલ લેવલે જરૂરી વર્ક આઉટ કરી રહેલ હતા.



જેમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના મીઠાપુર પો.સ્ટે. કલમ (ગુજસીટોક) ૩(૧), ગર), (૩).૩(૪), (૫) તથા ઇ.પી.કો ૩૦૭,૩૨૩, ૩૨૪,૩૨૫, ૩૨૬,૩૪૨,૧૨૦બી, વિ. તથા જી પી.એક્ટ ૧૩૫(૧) મુજબના ગુનાના કામેના આરોપી વનરાજભા પાલાભા સુમણીયા જાતે.હી વા ઉ.વ.૩૫ રહે આરંભડા સીમ કૃષ્ણનગર તા દ્વારકા જિ.દેવભૂમિ દ્વારકા વાળા નામદાર ગુજરાત હાઈકોર્ટ અમદાવાદના તા.૧૯/૦૬/૨૦૨૩ ના આદેશ અનુસાર ગત તા.૨૩/૦૬/૨૦૨૩ ના દિન-૧૪ ની વચગાળાના જામીન પર મુકત થયેલ બાદ તેઓને દિન.૧૪ ના વચગાળા જામીન ભોગવી પરત ગત તા. ૦૭/૦૭/૨૦૨૩ ના રોજ લાજપોર મધ્યસ્થ જેલ સુરત ખાતે હાજર થવાનું હતું પરંતુ મજકુર હાજર થયેલ નહી અને ફરાર થઇ ગયેલ આમ તેઓ આશરે પાંચેક મહિનાથી ફરાર રહેલ હતા. જેથી મજકુર કાચા કામના કેદી અંગે પોસઇ એસવી ગળચર નાઓ ટીમ સાથે જરૂરી વર્કઆઉટ કરી રહેલ હતા.

વર્ક આઉટ દરમ્યાન એ.એસ.આઈ. અરજણભાઈ મારુ, હેડ કોન્સ ડાફભાઈ જોગલ, પો કોન્સ પસરીભાઇ છછર નાઓને ખાનગી રાહે હકીકત મળેલ કે મજકુર કાચા કામના કેદી હાલ દ્વારકા તાલુકાના રાજપરા ગામની સીમમા આવેલ તેના સસરા કાનાભા સવાભા માણેક ની વાડીના મકાને છુપાયેલ હોવાની આધારભૂત માહીતી મળેલ જે આધારે મજકુર કાચા કામના કેદીને શોધી કાઢી તેઓને લાજપોર મધ્યસ્થ સુરત જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરવામાં આવેલ છે

# જામનગર પીજીવીસીએલ દ્વારા સ્માર્ટ મીટર મુકવા અંતર્ગત ૧૨,૦૦૦ થી વધુ ઘર-દુકાનોમાં સર્વે કરાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં વિજ તંત્ર દ્વારા સ્માર્ટ વીજ મીટર મુકવા માટેની તૈયારીઓ હાથ ધરાઈ હતી, અને પીજીવીસીએલ સબ ડિવિઝન હેઠળના ૧૨,૦૦૦ થી વધુ ઘર-દુકાનોમાં સર્વે કરી લેવાયો હતો...જામનગર શહેરમાં આગામી ફેબ્રુઆરી માસથી શહેરના મધ્ય વિસ્તારમાં સ્માર્ટ વિજ મીટર મૂકવાની વિજ તંત્ર દ્વારા તૈયારીઓ હાથ ધરવામાં આવી છે, જેના ભાગરૂપે સેન્ટ્રલ ઝોન સબ ડિવિઝન હેઠળના ૧૨,૦૦૦ થી વધુ રહેણાક મકાન દુકાન સહિતના સ્થળોમાં સર્વેની કામગીરી પૂર્ણ કરી લેવામાં આવી છે, અને આગામી દિવસોમાં લોકજાગૃતિ અંગેના કાર્યક્રમમાં પણ વિજ તંત્ર દ્વારા શરુ કરવામાં આવશે.



કેન્દ્ર સરકારના ઉર્જા મંત્રાલય ની સ્માર્ટ મીટર ની સ્માર્ટ યોજનાનો પ્રારંભ ગુજરાતના પાયલેટ પ્રોજેક્ટ તરીકે જામનગર શહેરના મધ્ય વિસ્તારને પસંદ કરાયો છે, જેથી સેન્ટ્રલ ઝોન સબ ડિવિઝન વિસ્તારમાં અંદાજે ૩૩ હજારથી વધુ રહેણાક તેમજ દુકાન-ઓફિસ સહિતના જોડાણો આવેલા છે, જે તમામમાં સ્માર્ટ વિજ મીટર મુકવા માટેની તૈયારીઓ હાથ ધરી લેવામાં આવી છે, અને તે અંગેના સર્વેની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

જામનગરના સેન્ટ્રલ ઝોન સબ ડિવિઝન ની જુદી જુદી ટીમો દ્વારા શહેરના મધ્ય વિસ્તારો જેવા કે સાત રસ્તા, સુમેર ક્લબ રોડ, ગવર્મેન્ટ કોલોની, બેંક કોલોની, ગુરુદ્વારા આસપાસ નો વિસ્તાર, લીમડા લેન, અંબર સિનેમા સામે નો વિસ્તાર, મંગલબાગ વિસ્તાર, પાંચ બંગલા, નવાગામ, ભીમવાસ, બેડીગેઇટ, ત્રણ બત્તી વિસ્તાર, પંચેશ્વર ટાવર વિસ્તાર, હવેલી રોડ, સેન્ટ્રલ બેન્ક રોડ, હવાઈ ચોક, ચાંદી બજાર સહિતના વિસ્તારોમાં સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી, અને અંદાજે ૧૨,૦૦૦ થી વધુ રહેણાંક મકાનો, દુકાનો,ઓફિસ સહિતના વિજ મીટર અંગે સર્વે પૂરો કરી લેવાયો છે.આગામી દિવસોમાં લોકજાગૃતિના જુદા જુદા કાર્યક્રમો હાથ ધરાશે, ત્યારબાદ ફેબ્રુઆરી ૨૦૨૪ માં જામનગર શહેરમાં સૌપ્રથમ સ્માર્ટ મીટર મુકવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે પ્રોજેક્ટને સફળ બનાવવા માટે સેન્ટ્રલ ઝોન સબ ડિવિઝન ની સમગ્ર ટીમ મહેનત કરી રહી છે. સ્માર્ટ વિજ મીટર કઈ રીતે કાર્યરત થશે, તે અંગે લોકજાગૃતિના કાર્યક્રમ હાથ ધરાશે જામનગર શહેરના સેન્ટ્રલ ઝોન સબ ડિવિઝન હેઠળના વિસ્તારમાં ફેબ્રુઆરી -૨૦૨૪ થી સ્માર્ટ વિજ મીટર લગાવવામાં આવશે, તે કઈ રીતે કાર્યરત થશે, અને તેની ઉપયોગીતા કઈ રીતે રહેશે, સાથોસાથ લોકોએ પોતાના મોબાઈલ ફોન મારફતે રિચાર્જ કરવા સહિતની પ્રક્રિયાઓ કઈ રીતે હાથ ધરી શકાય, તેની સમજ આપવા માટે તેમજ લોકજાગૃતિના કાર્યક્રમોમાં પણ આગામી દિવસોમાં હાથ ધરવામાં આવશે. જેમાં લોકોને રિચાર્જના વિકલ્પોની સમજૂતી આપવામાં આવશે, તેમજ પ્રત્યેક ગ્રાહકના મોબાઈલ ફોનમાં એપ્લિકેશન ડાઉનલોડ કરાવીને તે એપ્લિકેશનને ઉપયોગલક્ષી તાલીમ આપવામાં આવશે.સાથોસાથ લોક જાગૃતિ માટે સેમિનાર- વર્કશોપ તેમજ જન સંપર્કની પ્રવૃત્તિ પણ હાથ ધરવામાં આવશે તેની પણ તૈયારીઓ ચાલી રહી છે.જામનગરના સેન્ટ્રલ ઝોન સબ ડિવિઝન હેઠળના વિસ્તારમાં સૌપ્રથમ સ્માર્ટ વીજ મીટર લગાવવાની કામગીરી હાથ ધરાશે, જે દરમિયાન લોકોએ આવા સ્માર્ટ મીટરને અપનાવી લઈ વહેલી તકે તેનો લાભ મેળવવા માટે સેન્ટ્રલ ઝોન સબ ડિવિઝનના નાયબ ઈજનેર અજય પરમાર દ્વારા લોકોને અપીલ કરવામાં આવી છે.

# રાજુલા પંથકના મહાન કવિ ગીગાબાપુ બારોટના પુસ્તકનું વિમોચન કાલે મોરારીબાપુના હસ્તે કરાશે

**મુખ્ય સમાચાર, રાજુલા**




રાજુલા ખાતે આવતી તારીખ ૧૩/૧૨/ ૨૦૨૩ બુધવાર ના રોજ બીજેડ ફાઈનાન્સ સર્વિસ અને ભુપેન્દ્રસિંહ ઝાલા દ્વારા આયોજિત કવિ શ્રી ગીગા બાપુ બારોટ ડોળીયા નો પુસ્તક વિમોચન કવિ ની કલમે વિશ્વવંદનીય સંત શ્રી મોરારીબાપુ તેમજ ભોળાદ સુરાપુરા ધામ થી પૂજ્ય દાનભાપુના હસ્તે સાંજે ૬;૩૦ કલાકે આયોજન કરેલ હોય અને લોક ડાયરો રાત્રે ૯:૩૦ કલાકે આ ભવ્ય લોક ડાયરા માં રાજભા ગઢવી ગીર, હરેશ દાન સુરુ તેમજ ગોવિંદ ગઢવી, કુલદીપ ગઢવી અન્ય નામાંકિત કલાકારો સાથે સ્થળ રાજુલા બાયપાસ રોડ, આહિર સમાજના ગેટની પાસે, લાલભાઈ મકવાણા ની વાડીમાં આયોજન કરેલ હોય તો રાજુલાની તથા આજુબાજુ ની દરેક જનતાને લાભ લેવા વિનંતી આયોજક શ્રી લોક લાડીલા ધારાસભ્ય શ્રી હીરાભાઈ સોલંકી,પૂર્વ તા.પંચાયત પ્રમુખ મીઠાભાઈ લાખણોત્રા, તા.પંચાયત સદસ્ય કનુભાઈ ધાખડા, સંજયભાઈ વરૂ બીજેડ ગ્રુપ...

# જામનગરમાં વિદ્યાર્થીઓ એસ.ટી. બસના પાસ માટે પડતી હાલાકી મુદ્દે



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં રાષ્ટ્રીય દલિત અધિકાર મંચના પ્રમુખ દેવરાજ ગોહિલ દ્વારા એસ.ટી.ડેપો મેનેજર ને રજૂઆત જામનગરમાં વિદ્યાર્થીઓ અને યુવાનો ને એસ.ટી.બસ ના પાસ માટે પડતી હાલાકી મુદ્દે જામનગર રાષ્ટ્રીય દલિત અધિકાર મંચના પ્રમુખ દેવરાજ ગોહિલ દ્વારા એસ.ટી.ડેપો મેનેજરને રજૂઆત કરવામાં આવી હતી.

# જામનગર જિલ્લાને મળી પાંચ મોબાઈલ પશુવાન





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, રાજ્યના કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામવિકાસ અને ગ્રામગૃહ નિર્માણ વિભાગના મંત્રી રાઘવજીભાઈ પટેલ દ્વારા જામનગર તાલુકાના નારણપર ગામેથી જિલ્લાને સરકાર દ્વારા ફાળવવામાં આવેલ પાંચ મોબાઈલ પશુવાનનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. મોબાઈલ પશુવાન થકી પશુપાલકોના પશુઓને ઘર આંગણે સારવાર મળી રહેશે. અને પશુઓની તાત્કાલિક સારવાર થઈ શકશે. એક પશુવાન ૧૦ ગામડાઓને આવરી લેશે.

જામનગર જિલ્લાના ક્યા-ક્યા વિસ્તારોમાં સેવા આપશે ?.જામનગર.ગ્રામ્ય તાલુકામાં નાઘેડી, ગોરધનપર, ખારા બેરાજા, ઢીંચડા, વિભાપર, નવા નાગના, જુના નાગના, મોરકંડા, ખીમલીયા, ધુંવાવ, સિક્કા, મૂંગણી, ગાગવા, દિગ્વિજય ગ્રામ, નાની ખાવડી, મોટી ખાવડી, સાપર, બેડ, રસુલનગર અને વસઈ. કાલાવડ તાલુકામાં ખંઢેરા, હરિપર ખંઢેરા. વોડીસાંગ રણુજા, મોટી માટલી, જીવાપર, સતીયા, નાગપુર, ગોલણીયા, મોટી નાગાજાર, નાની નાગાજાર અને વીરવાવ. ધ્રોલ તાલુકામાં ભેંસદડ, નાના વાગુદડ, મોટા વાગુદડ, જાયવા, લૈયારા, હરિપર, સગાળીયા, સુધાધુના, ધરમપુર, હજામચોરી, હાડાટોડા, માણેકપર, નાના ગરેડીયા, ખારવા, રાજપર, સુમરા, પીપરટોડા, મોટા ઈટાળા, જાલીયા દેવાણી, હમાપર, બીજલકા, મોડપર, ગોલીટા, કાતડા, સણોસરા.છલ્લા અને ગઢડામાં પશુવાન થકી પશુઓને સારવાર મળી રહેશે.

# વાંકાનેર તાલુકાના હસનપર ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથનું આગમન

## વિકસિત ભારતની યાત્રામાં સહભાગી બનવા ગ્રામજનો સંકલ્પબદ્ધ બન્યા

**મુખ્ય સમાચાર, મોરબી**

દેશની સાથે સમગ્ર ગુજરાત રાજ્યમાં પણ વિકસિત ભારત સંકલ્પ યાત્રા ચાલી રહી છે. જે અન્વયે મોરબીમાં વાંકાનેર તાલુકાના હસનપર ગામે રથનું આગમન થયું હતું. સરકારી યોજનાઓ ઘર આંગણે પહોંચતા ગ્રામજનોએ રથને આવકાર્યો હતો. આ પ્રસંગે હસનપર ગામના આંગણે આવેલા રથ થકી સૌ ગ્રામજનો અને ઉપસ્થિતોએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો રેકોર્ડ કરેલો વિકસિત ભારત સંકલ્પ અન્વયે પ્રજાજોગ સંદેશો સાંભળ્યો હતો.





ગ્રામ પંચાયતની ૧૦૦% નળ જોડાણની સિદ્ધિ માટે પ્રશસ્તિ પત્ર એનાયત કરી ગ્રામ પંચાયતનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અન્વયે લાભાર્થીઓને આયુષ્માન કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત પોષણ યોજના, સોઈલ હેલ્થ કાર્ડ, આયુષ્માન કાર્ડ, ટીબી નિક્ષય, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધી, માતૃશક્તિ વગેરે યોજનાના લાભાર્થીઓએ તેમને મળેલ લાભની મેરી કહાની મેરી જુબાની અંતર્ગત વાત કરી હતી. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા પ્રાકૃતિક ખેતી અને વસુધૈવ કુટુંબકમ્ વિષય પર નાટક રજૂ કરવામાં આવ્યું હતું અને ધરતી કહે પુકાર કે ગીત પર નૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું. ઉપરાંત શાળાની વિદ્યાર્થીની દ્વારા ઓન ધ સ્પોટ ક્વિઝ અંતર્ગત પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ઉપસ્થિત સૌ નાગરિકોએ વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં સહભાગી થવા તેમજ વિકસિત ભારત-૨૦૪૭ના સ્વપ્નને સાકાર કરવામાં પોતાની ભાગીદારી નોંધાવવાના સંકલ્પ પણ લીધા હતા. કાર્યક્રમ સ્થળે આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા ઉભા કરાયેલા પોષણયુક્ત આહારનું નિદર્શન સ્ટોલ, ટેક હોમ રાશન થકી સગર્ભા-ધાત્રી માતા, બહેનો, કિશોરીઓ, બાળકોના પોષણ માટે અતિઆવશ્યક પોષણયુક્ત આહાર વિશે નાગરિકોને માહિતગાર કરવામાં આવ્યા હતા. આરોગ્ય વિભાગ દ્વારા પણ વિનામૂલ્યે આરોગ્યની તપાસ કરવામાં આવી હતી. ઉપરાંત ઉજ્જવલા યોજના, પશુપાલન વિભાગ, લીડ બેંક વગેરે વિભાગની યોજનાઓ અંગેના સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતા.


આ કાર્યક્રમમાં ગામના સરપંચશ્રી, જન પ્રતિનિધિઓ, આગેવાનો, સરકારી વિભાગના અધિકારી/કર્મચારીશ્રીઓ તેમજ હસનપરના ગ્રામજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.


# જામજોધપુર તાલુકાનાં ચિરોડાસંગ તથા કલ્યાણપુર ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાને ઉત્સાહભેર આવકારતા ગ્રામજનો


## કાર્યક્રમ અંતર્ગત ગ્રામજનોને વિવિધ ૧૭ જેટલી યોજનાઓના લાભો સ્થળ પર જ વિતરીત કરાયાં

**મુખ્ય સમાચાર, વિજય બગડા**

**જામજોધપુર:** રાજ્યભરમાં ચાલી રહેલ વિકસિત ભારત સંકલ્પ યાત્રા અન્વયે જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાનાં ચિરોડાસંગ તથા કલ્યાણપુર ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથનું આગમન થતા ગ્રામજનોએ ઉત્સાહભેર આવકારી સ્વાગત કર્યું હતું.







કાર્યક્રમ અંતર્ગત આયોજીત કરાયેલ આરોગ્ય કેમ્પમાં, ગ્રામજનોની ટી.બી, સિકલ સેલ સહીતની આરોગ્ય તપાસ કરાઈ હતી. તેમજ પોષણ યોજના, પીએમ કિશાન સ્વનિધી, પીએમ આવાસ યોજના (ગ્રામીણ), આયુષ્માન કાર્ડ વગેરે યોજનાના લાભો લાભાર્થીઓને અર્પણ કરાયા હતા. જેની લાભાર્થીઓએ મેરી કહાની મેરી ઝુબાની અંતર્ગત વાત કરી ખુશી વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે ગ્રામજનોએ વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં સહભાગી થવા તેમજ વિકસિત ભારત-૨૦૪૭ના સ્વપ્નને સાકાર કરવામાં પોતાની ભાગીદારી નોંધાવવાના સંકલ્પ પણ લીધા હતા.કાર્યક્રમ સ્થળે આરોગ્ય વિભાગ દ્વારા વિનામૂલ્યે આરોગ્યની તપાસ તેમજ ઉજ્જવલા યોજના અંગેના સ્ટોલ ઉભા કરી યોજનાઓ વિશે લોકોને માહિતગાર કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ અન્વયે ખેડૂત મિત્રોને અદ્યતન ખેતી પદ્ધતિમાં ઓછા ખર્ચે અને નેનો યુરિયા ખાતરનો સરળતાથી છંટકાવ કરતા ડ્રોન ટેકનોલોજી અંગે પણ માર્ગદર્શનની સાથોસાથ ડ્રોનનું નિદર્શન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં કાર્યપાલક ઇજનેરશ્રી નિતીન ગોઠી, સરપંચશ્રીઓ, ગ્રામ પંચાયતના સદસ્યશ્રીઓ સહિતના જનપ્રતિનિધિઓ, આગેવાનો, સરકારી વિભાગના અધિકારી/કર્મચારીશ્રીઓ તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# તાલીમ પુર્ણ કરનાર ૨૪૬ લોકરક્ષકોના દીક્ષાંત પરેડ સમારોહનું આયોજન કરાયું

જામનગર રોડ પર ઘંટેશ્વર ખાતે રાજ્ય અનામત પોલીસ દળ જૂથ ૧૩ ખાતે તાલીમ લઈ રહેલા એસઆરપીએફ લોકરક્ષક બેંચ નંબર બે ની બેઝિક તાલીમ પૂર્ણ થતા દીક્ષાંત પરેડ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં રાજકોટ શહેર પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ મુખ્ય મહેમાન બન્યા હતા અતિથિ વિશેષ પોલીસ મહાન નિરીક્ષક અશોકકુમાર યાદવ અને રાજ્ય અનામત પોલીસ દળ જૂથ ૧૩ ઘંટેશ્વર ના સેનાપતિ સુધા પાંડેય ઉપસ્થિત રહ્યા હતા બેઝિક તાલીમ પૂર્ણ થયેલ ૨૪૬ લોકરક્ષક ના દીક્ષાંત પરેડ સમારો યોજાયો હતો



(તસ્વીરઃ આનંદ જાવિયા)

# ભાજપ પ્રેરિત સમરસ પેનલના કાર્યાલયનું વિરાણી હાઈસ્કૂલ ખાતે ઉદ્‌ઘાટન કરાયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ટાગોર રોડ પર આવેલાં વિરાણી હાઈસ્કૂલ ખાતે ભાજપ પ્રેરિત સમરસ પેનલ ના કાર્યાલયનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું આગામી તારીખ ૨૨ ના યોજનારી રાજકોટ બાર એસોસિએશનની ચૂંટણીમાં ભાજપ પ્રેરિત સમરસ પેનલ ના ઉમેદવારો તથા મોટી સંખ્યામાં વકીલમિત્રો અને મહાનુભવો ની ઉપસ્થિતિમાં વિરાણી હાઈસ્કૂલ ખાતે કાર્યાલયનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, ભક્તિસ્વામી, શહેર ભાજપ મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા, માધવ દવે, અશ્વિન મોલિયા સહિતના ભાજપના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને સમરસ પેનલના ઉમેદવારોને રાજકોટ બાર એસોસીએશનની ચૂંટણીમાં જંગી બહુમતિથી જીતાડવા માટે આહવાન કર્યું હતું.



# રાજકોટ સર્કિટ હાઉસના ૪૦ કર્મચારીઓનો બે મહિનાથી પગાર ન થતાં હડતાલ પર ઉતર્યા

રાજકોટ સર્કિટ હાઉસ ખાતેના ૪૦ થી વધુ કર્મચારીઓનો એકઠા થયા છેલ્લા દોઢથી બે મહિના થી પગાર કરવામા આવેલ નથી છેલ્લા ૧૦ દિવસથી અનેક વખત રજુઆતો કરવા છતા કોઈ અધિકારી દ્વારા ઉકેલ મળ્યો નથી. અધિકારીઓને વારંવાર રજુઆત કરેલ છતાં પણ લઘુતમ વેતન મળેલ નથી. જેથી આજે સર્કિટ હાઉસ કર્મચારી હડતાલ પર સર્કિટ હાઉસ કર્મચારીઓની માંગ એટલી જ છે કે લઘુતમ વેતન ચૂકવામાં નહિ આવે ત્યાં સુધી અધિકારી અને રાજકીય મહાનુભાવોની સેવા બંધ રાખવાની ચીમકી આપવામાં આવી.



(તસ્વીરઃ આનંદ જાવિયા)

# રાજકોટ મનપા દ્વારા રામનાથ મહાદેવ મંદિર તેમજ આસપાસના વિસ્તારમાં સફાઈ અભિયાન હાથ ધરાયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિ. કમિશનર આનંદ પટેલ, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક શ્રી મનીષભાઈ રાડીયા તથા સેનિટેશન કમિટી ચેરમેન શ્રી નિલેશભાઈ જલુની સંયુક્ત યાદીમાં જણાવાયું છે કે, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજે તા.૧૨/૧૨/૨૦૨૩ ના રોજ આજી નદી કાંઠે શ્રી રામનાથ મહાદેવ મંદિર સાઈટ ખાતે તથા આસપાસના વિસ્તારોમાં સઘન સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, શ્રી રામનાથ મહાદેવ અને આજુબાજુના વિસ્તારો સ્વચ્છ રહે તે માટે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા દર આઠથી દસ દિવસે સઘન સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવતી રહેશે. દરમ્યાન રામનાથ મહાદેવ મંદિર ખાતેની સફાઈ ઝુંબેશમાં ૧૫ જેટલા સફાઈ કર્મચારીઓ, એક જે.સી.બી. અને એક ડમ્પર સામેલ કરવામાં આવેલ હતાં અને બપોર સુધીમાં ૨૯ ટન જેટલા કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.



# હાપા રેલવે યાર્ડમાંથી ચોરી થયેલા મુદ્દામાલ સાથે બે શખ્સ ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની ભાગોળે હાપા રેલ્વે સ્ટેશન જતા રોડ પર સ્થાનિક ગુના શોધક શાખાની ટીમે બે શખસોના કબજામાંથી કોપર,પીત્તળના વાયર વગેરે અડધા લાખથી વધુનો મુદ્દામાલ શક પડતી મિલ્કત તરીકે કબજે કર્યો હતો. પોલીસ પુછપરછમાં ઉકત મુદામાલ ચોરાઉ હોવાનુ ખુલ્યુ હતુ. જામનગર એલસીબીના પીઆઇ જે.વી. ચૌધરીના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમ પેટ્રોલિંગ કરી રહી હતી જે વેળાએ જામનગર-રાજકોટ ધોરીમાર્ગ નજીક હાપા રેલ્વે સ્ટેશન જતા માર્ગ પર એલસીબીના ધર્મેન્દ્રસિંહ જાડેજા, કિશોરભાઇ પરમાર અને ધાનાભાઇ મોરી સહિતની પોલીસ ટીમે ચાની કેબિન પાસેથી અજય મુકેશભાઇ પરમાર અને મનિષ ઉર્ફે મકો દેવાભાઇ જોગસવાના કબજામાંથી જંપર વાયર, કોપર વાયર વગેરે મળી રૂ. ૫૭ હજારની કિંમતનો મુદામાલ બીલ કે આધાર પુરાવા વગરનો જણાતા શક પડતી મિલકત તરીકે કબજે કર્યો હતો. પોલીસે પકડાયેલા બંને શખસોની પુછપરછ કરતા ઉકત મુદામાલ તેણે ગત તા.૭/૧૨ના રાત્રે હાપા રેલ્વે યાર્ડમાંથી ચોરી કર્યો હોવાની કેફિયત આપી હતી. આથી પોલીસે રૂ. ૫૭ હજારનો ઉપરોકત ચોરાઉ મુદામાલ કબજે કર્યો હતો. પકડાયેલા બંને સામે હાપા આઉટ પોષ્ટમાં ગુનો નોંધાયો હતો.



# જામનગરના ખોડીયાર કોલોની વિસ્તારમાં રહેતી મહિલાના રહેણાંક મકાનમાંથી ઈંગ્લિશ દારૂ પકડાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં ખોડીયાર કોલોની નજીક રાજ ચેમ્બર્સ વિસ્તારમાં રહેતી એક મહિલા, કે જેણે પોતાના ઘરમાં ઇંગ્લિશ દારૂ સંતાડ્યો છે, તેવી બાતમી ના આધારે પોલીસે દરોડો પાડી તેણીના રહેણાંક મકાનમાંથી નાની મોટી પાંચ નંગ ઈંગ્લીશ દારૂ ની બાટલી કબજે કરી લઈ મહિલા સામે દારૂબંધી ભાંગ અંગે ગુનો નોંધ્યો છે.આ દરોડા ની વિગત એવી છે કે જામનગરના સીટી સી. ડિવિઝનના પોલીસ સ્ટાફને ચોક્કસ બાતમી મળી હતી કે જામનગરમાં ખોડીયાર કોલોની રાજ ચેમ્બર ના બ્લોક નંબર એ-૮ માં રહેતી રીટાબેન હિતેન્દ્રસિંહ જાડેજા નામની મહિલા, કે જે પોતાના રહેણાક મકાનમાં ઈંગ્લીશ દારૂની બાટલી નો જથ્થો સંતાડ્યો છે, અને તેનું ખાનગીમાં વેચાણ કરી રહી છે.જે બાતમી ના આધારે ગઈ રાત્રે સીટી એ. ડિવિઝન પોલીસે દરોડો પાડયો હતો. જે દરોડા દરમિયાન ઉપરોક્ત મહિલા ના રહેણાંક મકાનમાંથી ચાર નંગ નાની અને એક નંગ મોટી ઈંગ્લીશ દારૂની બાટલીઓ મળી આવી હતી.જેથી પોલીસ ની ટીમે દારૂ ની બાટલી નો જથ્થો કબજે કરી લીધો છે, અને મકાનમાલિક મહિલા રીટાબેન જીતેન્દ્રસિંહ જાડેજા સામે દારૂબંધી ભંગ અંગે ગુનો નોંધ્યો છે.



# કાલાવડમાં થયેલ રૂપિયા ૯૫ લાખની રોકડ ચોરીનો ભેદ ઉકેલાયો, ચોર પાડોશી કરિયાણાનો વેપારી નીકળ્યો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર કાલાવડના આણંદપર ગામમાં નોંધાયેલા એક પરિવારના મકાનમાંથી રૂા.૯૫ લાખની રોકડની ચોરી થઈ હતી. જમીન વેચતા ઉપજેલી રકમમાંથી આ રકમ કબાટમાંથી ઉપડી હતી. તપાસમાં જોતરાયેલી સ્થાનિક પોલીસ તથા એલસીબી ટીમે તે મકાનની બાજુમાં જ કરિયાણાની દુકાન ચલાવતા શખ્સને પકડી પાડ્યો છે. તેણે ચોરીની કબૂલાત આપી પોતાના સંબંધીના ખેતરમાં સંતાડીને રાખેલી રોકડ રકમ કાઢી આપી છે. આ શખ્સને એસપીએ પત્રકારો સમક્ષ રજૂ કરી વિગતો આપી હતી.કાલાવડ નજીક આવેલા આણંદપર ગામમાં વસવાટ કરતા દિપકભાઈ ભીખાભાઈ જેસડિયા નામના આસામીના મકાનમાં કોઈ તસ્કરે ખાતર પાડી તે મકાનમાં એક ઓરડામાં રાખવામાં આવેલી રૂા.૯૫ લાખની રોકડ રકમ કબાટમાંથી ઉઠાવી લીધાની કાલાવડ ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવામાં આવી હતી. જેના પગલે એસપી પ્રેમસુખ ડેલુની સૂચનાથી ડીવાયએસપી જયવીરસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એચ.પી. પટેલ તથા એલસીબીના પીઆઈ જે.વી. ચૌધરી, પીએસઆઈ આર.કે. કરમટા, પીએસઆઈ એસ.પી. ગોહિલ, પીએસઆઈ પી.એન. મોરી તથા સ્ટાફે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.



દિપકભાઈ તથા તેમના પત્ની રાજકોટમાં ભત્રીજાની સગાઈને લગતા પ્રસંગમાં હાજરી આપવા માટે ગયા હતાં અને તેમના પિતા તેમજ બે ભાઈ અન્યત્ર જમીન ખરીદવા માટે ચાલતી તજવીજ દરમિયાન ખેતર જોવા ગયા હતાં અને પાછળથી કોઈ જાણભેદુ શખ્સે હાથફેરો કરી લીધો હતો. સાંજે જ્યારે દિપકભાઈના પિતા, ભાઈઓ ઘેર આવ્યા ત્યારે તેઓને ચોરી થયાની જાણ થવા પામી હતી. આ વ્યક્તિઓએ ઉચ્ચક શ્વાસે મકાનમાં દોડી ગયા હતાં અને જે ઓરડામાંથી ચોરી થઈ તેની બાજુના ઓરડામાં તપાસ કરાતા તે ઓરડામાં રાખેલી રૂા.૮૫ લાખની રોકડ રકમ હેમખેમ જોવા મળી હતી. પોલીસે આ બનાવમાં કોઈ જાણભેદુનો હાથ હોવાની આશંકા સેવી તે દિશામાં પણ તપાસના ઘોડા દોડાવ્યા હતા.આ પરિવારે તાજેતરમાં વારસામાં મળેલી ખેતીની જમીનનું વેંચાણ કર્યું હતું. તેમાંથી રૂા.૧ કરોડ ૮૦ લાખની રકમ ઉપજી હતી. તે રકમમાંથી રૂા.૯૫ લાખ દિપકભાઈના બેડરૂમમાં રાખવામાં આવ્યા હતાં અને બીજા રૂા.૮૫ લાખની રકમ તેમના પિતાના ઓરડામાં રાખવામાં આવી હતી, તેમાંથી રૂા.૯૫ લાખની રકમ ચોરાઈ ગઈ હતી. આ ગુન્હાના ડીટેક્શન માટે પોલીસની જુદી જુદી ટીમ ટેકનિકલ સેલ તથા હ્યુમન રિસોર્સનો ઉપયોગ કરી તપાસમાં જોતરાઈ હતી.તે દરમિયાન એલસીબી પીઆઈ ચૌધરી, પીએસઆઈ કરમટા તથા સ્ટાફના સંજયસિંહ, દિલીપ તલાવડીયા, હિતેન્દ્રસિંહ, કાસમ બ્લોચને બાતમી મળી હતી કે, આ ચોરીમાં તે મકાનની બાજુમાં જ કરિયાણાની દુકાન ચલાવતો લવજી ગોરધનભાઈ ગોરસીયા શંકાસ્પદ જણાઈ આવ્યો છે. તે વિગતના આધારે લવજીને અટકાયતમાં લઈ પૂછપરછ કરાતા તેણે આ ચોરીનો એકરાર કર્યો છે. આ શખ્સે જણાવ્યા મુજબ તેની દુકાન ફરિયાદીના ઘરની બાજુમાં જ આવેલી છે. તેથી તેને જાણ હતી કે, આ પરિવારે તાજેતરમાં જ જમીન વેચી છે અને તેના પૈસા ઘરમાં પડ્યા છે. તે આ પરિવાર સગાઈમાં બહારગામ ગયો હોય અને અન્ય લોકો બીજા કામ માટે બહાર ગયા હોય મકાન બંધ પડ્યું હતું. તેથી લવજી ગોરધનભાઈની દાઢ ડળકી હતી. તેણે મકાનના દરવાજાનો નકૂચો તોડી અંદર ઘૂસી ગયા પછી ચાવી વડે કબાટ ખોલી નાખ્યો હતો અને તેમાંથી રૂા.૯૫ લાખ ઉઠાવી લઈ આણંદપર ગામની સીમમાં આવેલા તેમના સંબંધીના ખેતરમાં મકાનમાં ઉપરોક્ત રકમ સંતાડી દીધી હતી પરંતુ પોલીસની સઘન તપાસમાં લવજી ગોરધનભાઈ ગોરસીયાનું આ કૃત્ય છૂપુ રહી શક્યું ન હતું.આ શખ્સની કબૂલાતના આધારે આણંદપર દોડી ગયેલી એલસીબી ટીમે રૂા.૯૫ લાખની રોકડ રકમ કબજે કરી છે અને લવજી ગોરધનભાઈની અટકાયત કરી તેને જિલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુ સમક્ષ રજૂ કર્યો હતો. આ ગુન્હો ઉકેલાઈ ગયો હોવાની આજે એસપીએ પત્રકારોને વિગતો આપી હતી. આ કાર્યવાહીમાં એલસીબીના પીઆઈ જે.વી. ચૌધરી, પીએસઆઈ આર.કે. કરમટા, એસ.પી. ગોહિલ, પી.એન. મોરી, કાલાવડના પીએસઆઈ એચ.વી. પટેલ તેમજ એએસઆઈ સંજયસિંહ વાળા, હરપાલસિંહ સોઢા, ભરતભાઈ પટેલ, નાનજી પટેલ, હીરેન વરણવા, શરદ પરમાર, દિલીપ તલાવડીયા, હિતેન્દ્રસિંહ જાડેજા, કાસમ બ્લોચ, હરદીપ ધાધલ, વનરાજ મકવાણા, ધાનાભાઈ મોરી, અરજણભાઈ કોડિયાતર, મયુદ્દીન સૈયદ, ક્રિપાલસિંહ જાડેજા, નિર્મળસિંહ જાડેજા, હરદીપ બારડ, ધર્મેન્દ્રસિંહ જાડેજા, કિશોર પરમાર, ઋષિરાજસિંહ વાળા, મયુરસિંહ પરમાર, કલ્પેશ મૈયડ, ભારતીબેન ડાંગર, દયારામ ત્રિવેદી, બિજલ બાલાસરા, ધર્મેન્દ્રસિંહ જાડેજા તથા કાલાવડ ગ્રામ્યના દિગ્વિજયસિંહ, કુલદીપસિંહ, માલદેવસિંહ, ભવદીપસિંહ, યુવરાજસિંહ, ગોપાલભાઈ, પ્રકાશભાઈ, હિતેશભાઈ સાથે રહ્યા હતા.

# મોરબીના રાજપર રોડ ઉપર કેમિકલ ભરેલ ટેન્કરમાં આગ લાગી

## રોડ ક્રોસ કરતી બાળકીને બચાવવા જતા ટેન્કર રોડની સાઈડમાં નીચે ઉતરી જતા લાગી આગ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના રાજપર રોડ ઉપર કેમિકલ ભરેલ ટેન્કર અકસ્માતે રોડ સાઈડમાં ઉતરી જતા દીવાલમાં અથડાતા ઘર્ષણના કારણે ટેન્કરમાં આગ ભભૂકી હતી. બનાવની જાણ મોરબી ફાયર એન્ડ ઇમરજન્સી વિભાગને કરતા ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો.

સમગ્ર બનાવ મોરબી ફાયર વિભાગમાંથી મળતી માહિતી અનુસાર રાજકોટ સાપર જીઆઇડીસીથી ૨૦હજાર લીટરની ક્ષમતાનું ટેન્કર રજી. નં. જીજે-૦૩-એએક્સ-૭૩૭૪ ટેન્કર સિલીકેટ કેમિકલ કે જે જ્વલનશીલ પદાર્થ હોય તે ભરી આમરણ ગામ ખાતે આવેલ ફર્સ્ટ કેમિકલ કંપનીમાં નાખવા જઈ રહ્યું હોય ત્યારે ટેન્કર મોરબીના રાજપર રોડ પર અચાનક એક બાળકી રોડ ક્રોસ કરતા તેને બચાવવા જતાં ટેન્કર રોડ સાઈડ ઉતરી ગયું હતું અને દીવાલ સાથે અથડાતા ઘર્ષણ થતા ટેન્કરમાં આગ ભભૂકી ઉઠી હતી.ત્યારે બનાવની જાણ મોરબી ફાયર વિભાગને કરાતા મોરબી ફાયરની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે જવા રવાના થઇ હતી. અને સ્થળ પર પહોંચી ટેન્કર પર પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. અને કોઈ મોટી જાનહાની સર્જાતા ટળી હતી.જો કે, ટેન્કરનાં ડ્રાઇવરનો આબાદ બચાવ થતા કોઈ જાનહાની સર્જાઈ ન હતી.



# લખનૌ ડિવિઝનમાં બારાબંકી યાર્ડ રિમોડલિંગના કામને કારણે રેલ વ્યવહાર ને અસર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઉત્તર રેલવેના લખનૌ ડિવિઝનમાં સ્થિત બારાબંકી યાર્ડના રિમોડલિંગના કામને કારણે રેલ ટ્રાફિકને અસર થશે. રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી અસરગ્રસ્ત ટ્રેનોની વિગતો નીચે મુજબ છે:

રદ કરાયેલી ટ્રેનો:

ટ્રેન નંબર ૧૫૦૪૬ ઓખા-ગોરખપુર એક્સપ્રેસ ૧૭.૧૨.૨૦૨૩, ૨૪.૧૨.૨૦૨૩, ૩૧.૧૨.૨૦૨૩, ૦૭.૦૧.૨૦૨૪ અને ૧૪.૦૧.૨૦૨૪ના રોજ રદ રહેશે.

ટ્રેન નંબર ૧૫૦૪૫ ગોરખપુર-ઓખા એક્સપ્રેસ ૧૪.૧૨.૨૦૨૩, ૨૧.૧૨.૨૦૨૩, ૨૮.૧૨.૨૦૨૩, ૦૪.૦૧.૨૦૨૪ અને ૧૧.૦૧.૨૦૨૪ના રોજ રદ રહેશે.

ડાયવર્ટ કરેલા રૂટ પર દોડતી ટ્રેનો:

ટ્રેન નં. ૧૫૬૩૫ ઓખા-ગુવાહાટી એક્સપ્રેસ ૧૫.૧૨.૨૦૨૩, ૨૨.૧૨.૨૦૨૩, ૨૯.૧૨.૨૦૨૩, ૦૫.૦૧.૨૦૨૪ અને ૧૨.૦૧.૨૦૨૪ના રોજ અને ટ્રેન નંબર ૧૫૬૩૬ ગુવાહાટી-ઓખા એક્સપ્રેસ ૧૮.૧૨.૨૦૨૩, ૨૫.૧૨.૨૦૨૩, ૦૧.૦૧.૨૦૨૪ અને ૦૮.૦૧.૨૦૨૪ સુધી આંશિક રીતે ડાયવર્ટ કરેલા રૂટ વાયા કાનપુર સેન્ટ્રલ, પ્રયાગરાજ, મિર્ઝાપુર અને પંડિત દીનદયાળ ઉપાધ્યાય જંકશન થઈને ચાલશે. જે સ્ટેશનો પર આ ટ્રેનો નહીં જાય તેમાં લખનૌ, અયોધ્યા કેન્ટ, અકબરપુર અને વારાણસીનો સમાવેશ થાય છે.

ટ્રેન નં. ૧૫૬૬૭ ગાંધીધામ-કામાખ્યા એક્સપ્રેસ ૧૬.૧૨.૨૦૨૩, ૨૩.૧૨.૨૦૨૩, ૩૦.૧૨.૨૦૨૩, ૦૬.૦૧.૨૦૨૪ અને ૧૩.૦૧.૨૦૨૪ના રોજ અને ટ્રેન નં. ૧૫૬૬૮ કામાખ્યા એક્સપ્રેસ ૨૦.૧૨.૨૦૨૩, ૨૭.૧૨.૨૦૨૩, ૦૩.૦૧.૨૦૨૪ અને ૧૦.૦૧.૨૦૨૪ સુધી આંશિક રીતે ડાયવર્ટ કરેલા રૂટ વાયા કાનપુર સેન્ટ્રલ, પ્રયાગરાજ, મિર્ઝાપુર અને પંડિત દીનદયાળ ઉપાધ્યાય જંકશન થઈને ચાલશે. જે સ્ટેશનો પર આ ટ્રેનો નહીં જાય તેમાં લખનૌ, અયોધ્યા કેન્ટ અને વારાણસીનો સમાવેશ થાય છે.

ટ્રેન નંબર ૧૯૨૬૯ પોરબંદર-મુઝફ્ફરપુર મોતીહારી એક્સપ્રેસ ૧૪.૧૨.૨૦૨૩, ૧૫.૧૨.૨૦૨૩, ૨૧.૧૨.૨૦૨૩, ૨૨.૧૨.૨૦૨૩, ૨૮.૧૨.૨૦૨૩, ૨૯.૧૨.૨૦૨૩, ૦૪.૦૧.૨૦૨૪, ૦૫.૦૧.૨૦૨૪, ૧૧.૦૧.૨૦૨૪ અને ૧૨.૦૧.૨૦૨૪ ના રોજ અને ટ્રેન નંબર ૧૯૨૭૦ મુઝફ્ફરપુર-પોરબંદર એક્સપ્રેસ ૧૭.૧૨.૨૦૨૩, ૧૮.૧૨.૨૦૨૩, ૨૪.૧૨.૨૦૨૩, ૨૫.૧૨.૨૦૨૩, ૩૧.૧૨.૨૦૨૩, ૦૧.૦૧.૨૦૨૪, ૦૭.૦૧.૨૦૨૪, ૦૮.૦૧.૨૦૨૪ અને ૧૪.૦૧.૨૦૨૪ ના રોજ, આંશિક રીતે ડાયવર્ટ કરેલા રૂટ વાયા બુઢવલ, સીતાપુર શહેર અને શાહજહાંપુર થઈને ચાલશે. જે સ્ટેશનો પર આ ટ્રેનો નહીં જાય તેમાં લખનૌનો સમાવેશ થાય છે.

માર્ગ માં રેગ્યુલેટ (મોડી થનાર) ટ્રેનો:

૧૦.૧૨.૨૦૨૩ ના રોજ ઓખાથી દોડતી ટ્રેન નંબર ૧૫૦૪૬ ઓખા-ગોરખપુર એક્સપ્રેસ ૧ કલાક અને ૩૦ મિનિટ માટે રેગ્યુલેટ કરવામાં આવશે. રેલવે મુસાફરોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને તેમની મુસાફરી શરૂ કરે અને ટ્રેનની કામગીરી સંબંધિત નવીનતમ અપડેટ્સ માટે www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લે જેથી કરીને કોઈ અસુવિધા ન થાય.

**MUKHYA SAMACHAR (DAILY EVENING)** Publisher, Editor, Printer & Owner : **RAJDEEPSINH MANOHARSINH ZALA,** Place of Publication : **4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat),** Printed At :**R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT**

# ગૃહ કલેશના કારણે અમરેલીની પરણીતાનો એસિડ પીને આપઘાત

## ભાડલા ગામે વાડીએ બેભાન થઈ જતા યુવાનનું મોતઃ જામનગર રોડ પર ઘઉંના ગોડાઉન પાછળ રહેતા યુવાને ફિનાઈલ ગટગટાવ્યું





**મુખ્ય સમાચાર રાજકોટ**

અમરેલીના અનુમાન પરામાં રહેતી મહિલાએ ગૃહ કલેશ ના કારણે એસિડ પી આપઘાત કરી લેતા અરેરાટી પ્રસરી જવા પામી છે.


આ અંગેની માહિતી મુજબ અમરેલીના હનુમાન પરા વિસ્તારમાં રહેતી ભારતીબેન જનકભાઈ વાળા નામની મહિલાએ ગૃહ કલેશ થી કંટાળી ગઈ તારીખ ૧૦ ૧૨ ના બપોરના સમયે પોતાના ઘરે એસિડ પી લેતા પ્રથમ સારવાર અમરેલી ની સરકારી હોસ્પિટલ બાદ વધુ સારવારમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતા તેનું ચાલુ સારવાર દરમિયાન મોત નીપજતા પરિવારમાં કરુણકલ્પ સર્જાયો હતો બનાવ અંગેની જાણ અમરેલી પોલીસને કરવામાં આવતા પોલીસે પ્રાથમિક તપાસ શરૂ કરી છે જ્યારે અન્ય એક બનાવમાં ભાડલા ગામે ધનજીભાઈ ની વાડીએ મજૂરી કામ કરતો રાયધન તળસી મેતાડીયા નામનો કોળી યુવાન ગતરાત્રિના નવ વાગે વાડીએ બેભાન થઈ જતા સારવારમાં રાજકોટ ખસેડવામાં આવતા તબીબોએ તેને મૃતક જાહેર કર્યો હતો જ્યારે જામનગર રોડ પર ઘઉંના ગોડાઉન પાછળ રહેતો નિતીન મુકેશભાઈ આશિયાણી નામના કુંભાર યુવાને કોઈ કારણોસર ફીનાઇલ પીલેતા સારવારમાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

# ચાલુ રિક્ષામાં ચાલકને હાર્ટએટેક આવ્યોઃ રિક્ષા પલ્ટી ખાઈ જતા મોત

## જેતપુરથી વિરમગામ માતાજીના દર્શન કરવા જતી વેળાએ પ્રૌઢને કાળ ભેટયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**


હીરાસર એરપોર્ટ નજીક રીક્ષા લઈ ચોટીલા તરફ જઈ રહેલા ચાલકે સ્ટેયરિંગ પરનો કાબૂ ગુમાવી દેતા રીક્ષા પલટી ખાઈ જતાં તેનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું.જેમાં બનાવની જાણ એરપોર્ટ પોલીસના સ્ટાફને થતા તેઓ ઘટના સ્થળે પહોંચી યુવકના મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે ખસેડાયો હતો. જ્યાં તપાસમાં બહાર આવ્યું હતું કે, તેને ચાલુ રિક્ષાએ હૃદય હુમલો આવ્યો હોવાથી રિક્ષા પરથી કાબુ ગુમાવતા અસ્માત સર્જાયો હતો.



આ અંગેની વિગતો મુજબ હીરાસર એરપોર્ટ નજીક એક રીક્ષા પલટી ખાઈ જતા તેના ચાલક જેતપુર નવાગઢના નરસિંહભાઈ તડશીભાઈ પરમાર(ઉ.૫૦)નું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. આ મામલે એરપોર્ટ પોલીસ મથકનો સ્ટાફ તુરંત ત્યાં પહોંચી ગયા હતા.અને મૃતકના પરિવારનો સંપર્ક કરતા તેમના પત્ની રાજકોટ આવી પહોંચ્યા હતા.તેઓએ પોલીસને જણાવ્યું હતું કે, પતિ નરસિંહભાઈ સવારે પોતાની રીક્ષા લઈ જેતપુરથી સુરેન્દ્રનગરના વિરમગામે માતાજીના દર્શનાર્થે જતા હતા.ત્યારે અચાનક રીક્ષા પરનો કાબૂ ગુમાવતા અસ્માત સર્જાયો હતો.જેમાં તેનું મોત નિપજ્યું હતું.જ્યારે તેમના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવતા પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, નરસિંહભાઈને હૃદય હુમલો આવતા તેમને રિક્ષા પર કાબૂ ગુમાવ્યો હતો. જેથી અકસ્માત સર્જાતા તેમનું મોત નીપજયુ છે.હાલ પોલીસે નોંધ કરી આગળની કાર્યવાહી હાથધરી છે.

# રાજકોટ શહેરના અલગ અલગ વિસ્તારમાંથી નવ બાઈકની ઉઠાંતરી કરનાર બેલડી ઝડપાઈ

## ડીસીપી ઝોન ૨ એલસીબી ટીમને મળેલી સફળતા, રૂા.૭ લાખનો મુદ્દામાલ કબજેઃ ક્રાઈમ બ્રાન્ચ ની ટીમે ભગવતી પરાના પૂલ પાસેથી બે બાઈક ચોરોને દબોચી લઈ રૂપિયા ૧ ૪૪,૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો


**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ શહેરમાં છેલ્લા ઘણા સમયથી વાહન ચોરી ના બનાવો વધી રહ્યા હોય જેથી પોલીસે પણ વાહન ચોરોને દબોચી લેવા કવાયત હાથ ધરી છે ડીસી પી જોન ૨ એલસીબી ટીમ દ્વારા શહેરના અલગ અલગ વિસ્તારમાંથી નવ બાઇક ની ઉઠાંત્રી કરનાર બેલડીને દબોચી લઈ રૂપિયા ૭ લાખ થી વધુનો મુદ્દામાલ કબજે કર્યો છે.

અંગેની માહિતી મુજબ ડીસીપી ઝોન એલસીબી ટીમ ના પીએસઆઇ આર એચ ઝાલા ની સુચનાથી હેડ કોન્સ્ટેબલ રાહુલભાઈ ગોહેલ તથા કોન્સ્ટેબલ જયપાલસિંહ કોન્સ્ટેબલ અમીનભાઇ કોસ્ટેબલ મનીષભાઈ સહિત નો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન હનુમાન મઢી પાસે આવેલા અંબિકા પાર્ક મા રહેતો ભાવેશ ઉર્ફે ભરત કનૈયાલાલ ત્રિવેદી અને કેવડાવાળી મા રહેતો કેવિન ઉર્ફે કે પી રમેશ પીપળવા નામના બંને શખ્સોને એક શંકાસ્પદ બાઈકમાં નીકળતા દબોચી લઈ આ બંને શખ્સોની આખરી પૂછપરછ કરતા આ બંને શખ્સોએ રાજકોટના અલગ અલગ વિસ્તારમાંથી નવ બાઇક ચોરી કર્યાની કબુલાત આપતા પોલીસે ચોરાયેલા નવું બાઈક કબજે કરી ₹૭,૦૦,૦૦૦ થી વધુ નો મુદ્દા માલ કબજે કર્યો છે.

જ્યારે અન્ય એક બનાવમાં ડીસીપી ઝોન વન એલસીબી ટીમના પીએસઆઇ બીવી બોરીસાગર ની સૂચનાથી કોન્સ્ટેબલ રવિરાજભાઈ કોન્સ્ટેબલ સત્યજીતસિંહ તથા દિવ્યરાજસિંહ સહિતનો સ્ટાફ ભગવતી પરા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાંધવી ના આધારે ભગવતીપરા ના ફૂલ નીચે થી નાણાવટી ચોક પાસે સરકારી આવાસ યોજના ના ક્વોટરમાં રહેતો વિમલ સતીશ અગ્રાવત નામના બાઇક ચોરને દબોચી લઈ ત્રણ ચોરાઉ બાઈક તથા ત્રણ મોબાઇલ સહિત ₹૧,૪૪,૦૦૦ નો મુદ્દામાલ કબજે કરી ધોરણ સરની કાર્યવાહી કરી છે.

# આર્થિક ભીંસથી કંટાળી ભંગારના ધંધાર્થીએ કર્યો આપઘાતઃ અરેરાટી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં કોઠારીયા રોડ પર આવેલા ગ્રીન પાર્કમાં રહેતા અને માંડા ડુંગર પાસે સ્ક્રેપનો ધંધો કરતા પટેલ યુવકે આજે પોતાના ઘરે રૂમમાં ગળેફાંસો ખાઈ જીવ ટૂંકાવી લેતા પરિવારમાં અરેરાટી પ્રસરી જવા પામી છે.બનાવની જાણ થતાં જ પોલીસ કાફલો ઘટનાસ્થળે સ્થળે દોડી જઈ તેના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવાની કામગીરી હાથ ધરી છેઅને પ્રાથમિક તપાસમાં યુવકે આર્થિક ભીંસથી કંટાળી આ પગલું ભર્યા હોવાનું સામે આવ્યું છે



આ અંગેની માહિતી મુજબ ગ્રીન પાર્કમાં રહેતા અને માંડા ડુંગર પાસે સ્ક્રેપનો ધંધો કરતા નિલયભાઈ દામજીભાઈ ભંડેરી નામના ૨૮ વર્ષીય યુવકે આજે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવી લેતા ચકચાર મચી જવા પામી નિલયભાઈ સવારે પોતાના જગાડવા માટે ગયા હતા.ત્યારે રૂમ ખોલીને જોતા તેનો પુત્ર લટકતી હાલતમાં જોવા મળ્યા તેમને પગ નીચેથી જમીન સરકી ગઈ હતી.જ્યારે પરિવાર દ્વારા તાત્કાલિક ૧૦૮ અને પોલીસને જાણ કરવામાં આવી હતી.જ્યારે ૧૦૮ ના તબીબો દ્વારા મૃત જાહેર કરવામાં આવતા તેમના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો હતો. બનાવ મામલે પોલીસ દ્વારા પ્રાથમિક પૂછપરછ કરતા જાણવા મળ્યું હતું કે મૃતક નિલયભાઈ માંડા ડુંગર પાસે સ્ક્રેપનો ડેલો ચલાવે છે જે ઘણા સમયથી સરખો ન ચાલતો હોવાથી આર્થિક ભીંસમાં આવી તેમને આ પગલું ભર્યા હોવાનું હાલ પરિવાર દ્વારા જણાવવામાં આવ્યું છે જ્યારે મૃતક ત્રણ બહેનનો એકનો એક ભાઈ હતો. હાલ યુવકના મોતથી પરિવારમાં શોકમાં ગળકાવ થયો છે.

# કોટડા સાંગાણીના પટેલ યુવાન સાથે રૂા.૩.૨૧ લાખની ઠગાઈ કરનાર ઠગ ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ કોટડા સાંગાણીના સાંઢવાયા ગામે રહેતો ભાવેશ પરસાણા નામનો યુવાન અંધશ્રદ્ધામાં લૂંટાયો હતો. યુવાનની સગાઈ ન થતી હોય તો વિધિ કરવી પડશે તેમ કહી જસદણ વિંછીયા રોડ તાલુકા પંચાયત પાછળ રહેતો જીવણભાઈ રામભાઇ આંકોલીયાએ રૂ.૩.૨૧ લાખની છેતરપિંડી કરી રોકડ અને દાગીના લઇ ફરાર થયેલા તાંત્રિકને પોલિસે ગણતરીના કલાકોમાં પકડી લીધો હતો. અમિત રમેશ પરસાણાએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું કે તેના મોટા ભાઈ ભાવેશ ઉર્ફે જીગાનું અગાઉ છૂટું થઈ ગયા બાદ સગાઈ થતી ન હોય જસદણના હરિભાઈ તરીકે પોતાની ઓળખ આપનાર શખ્સે પોતે રામાપીરનો ભગત હોવાનું કહી



મોબાઈલ નંબર આપ્યો હતો. તમારા ભાઈની સગાઈ કરવા વિધિ કરવી પડશે તેમ કહી ૫૧ રોકડ અને દાગીના વિધિમાં મુક્યા જે લઈ હરિ ફરાર થઇ ગયો હતો. આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવતા સી.સી. ટી.વી. કેમેરાની મદદથી પોતાને હારીભાઈ તરીકે ઓળખ આપનાર જીવણભાઈ રામભાઈ આંકોલીયાની ધરપકડ કરી રોકડ-દાગીના કબજે કર્યા હતા.

# ટ્રાફિકની સમસ્યાનો ઉકેલ લાવવા પોલીસ અધિકારી અને એન્જીનીયરો દ્વારા સ્થળ મુલાકાત કરાઈ

## ગોંડલ રોડ ચોકડી પાસે ઓવરબ્રિજ નજીક ફૂટપાથ દૂર કરી રસ્તો પહોળો કરાશે




**મુખ્ય સમાચાર, રાજકોટ**

ટ્રાફિક સમસ્યા હલ કરવા ગોંડલ ચોકડી ખાતે બ્રિજનું નિર્માણ કરવામાં આવ્યું હતું, પરંતુ રાજકોટ ૧૫૦ ફૂટ રિંગ રોડ, ગોંડલ રોડથી ગોંડલ તરફ જતા બ્રિજ નીચે કાયમી ટ્રાફિક સમસ્યા ઊભી થઈ હતી. ખાસ કરીને એસ.ટી. વિભાગની બસ તેમજ ખાનગી બસના ડ્રાઈવર બ્રિજ નીચે રોડ પર જ મુસાફરો બેસાડવા માટે બસ રોકી દે છે. જેથી ટ્રાફિક સમસ્યા વધી છે. એસ.ટી. બસને પણ બ્રિજ નીચે ઊભી રાખવા સૂચના આપવામાં આવી હોય ટ્રાફિકની સમસ્યા વધી હોય ટ્રાફિક પોલીસ અને અલગ અલગ વિભાગના અધિકારીઓ દ્વારા વધી રહેલી ટ્રાફિકની સમસ્યા દૂર કરવા ચાલી રહેલી મથામણ વચ્ચે રોડ એન્જીનીયરને સાથે રાખી ડીસીપી ટ્રાફિક પૂજા યાદવ, એસીપી ટ્રાફિક જે. બી.ગઢવી, પીઆઈ દેસાઈ સહિતની ટીમે ગોંડલરોડ ચોકડીએ રૂબરૂ સ્થળ વિઝિટ કરી હતી.

પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, અધિક પોલીસ કમિશનર વિધી ચૌધરીની સુચના અનુસાર સ્થળ વિઝીટ કરવામાં આવી હતી અને એન્જિનયરે આપેલા અભિપ્રાય મુજબ બ્રીજ ઉતરતા જ જે ફૂટપાથ આવે છે તે દૂર કરી દેવામાં આવશે તો રોડ પહોળો થઈ જશે અને આ રીતે ટ્રાફિક જામની સમસ્યા પણ દૂર કરવામાં મદદ મળશે.

# વેરાવળમાં ૭૦ હજારના વિદેશી દારૂ સાથે વેપારીની ધરપકડ

**મુખ્ય સમાચાર, ઊના**



વેરાવળમાંથી વિદેશી દારૂ જથ્થા સાથે ડી- સ્ટાફ ટીમે મચ્છીના વેપારીને ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. અંગે પોલીસમાંથી પ્રાપ્ત વિગતો મુજબ પી.આઈ. એ.એમ. મકવાણાની સુચનાથી પેટ્રોલીંગ કરી રહેલા સર્વેલન્સ સ્કોડના પીએસઆઈ આર.આર. ગળચર તથા સ્ટાફને મળેલી બાતમીના આધારે અત્રે ડાભોર રોડ ઉપર સીંધી સમાજની વંડી પાસે રહેતા મચ્છીના વેપારી રાજેશ ઉર્ફે કાંબલી બાબુ ચોમલ (ઉં.વ.૪૭)ના ઘરે દરોડો પાડયો હતો ત્યારે ઘરમાં એક થેલામાં રાખેલ વિદેશી દારૂની ૩૫ બોટલો કિં.રૂ.૭૦ હજારનો જથ્થો મળી આવ્યો હતો. જેને લઈ વેપારી સામે પ્રોબીશનનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# યાજ્ઞિક રોડ પર જાગનાથ પોલીસ ચોકી સામેથી યુવાનનું અપહરણ

## કારમાં ઉઠાવી ગયા બાદ પોલીસે પીછો કરી શખ્સોને રેસકોર્ષ પાસેથી દબોચી લીધા




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના યાજ્ઞિક રોડ ઉપર ધોળા દિવસે પૈસાની લેતીદેતી મુદ્દે યુવકને આંતરી કારમાં ઉઠાવી જતા પોલીસે પીછો કરી દબોચી લઇ પોલીસ સ્ટેશનને લાવતા બંને પક્ષે સમાધાન થઇ ગયું હોવાનું જાણવા મળ્યું છે.

આ અંગેની માહિતી મુજબ રાજકોટના યાજ્ઞિક રોડ ઉપર જાગનાથ પોલીસ ચોકી સામેથી પસાર થતા એક યુવકને કાર અને બાઈકમાં આવેલ મહિલા-પુરુષ સહિતે આંતરી ફડાકા ઝીકી દીધા હતા જાહેરમાં મારકૂટ થતા જાગનાથ ચોકીમાંથી મહિલા પોલીસ સહિતનો સ્ટાફ દોડી આવ્યો હતો અને મામલો જાણ્યો હતો દરમિયાન ઘરનો મામલો હોવાનું લોકોએ જણાવી યુવકને કારમાં ઉઠાવી જતા મહિલા પોલીસે સતર્કતા દાખવી અન્ય પોલીસને જાણ કરી પીછો કરતા રેસકોર્સ રીંગ રોડ ઉપરકાર અટકાવી યુવકને છોડાવી તમામને એ ડીવીઝન પોલીસ સ્ટેશને લાવવામાં આવ્યા હતા મોડી રાત્રે રકજકના અંતે બંને પક્ષે સમાધાન થયું હોવાનું પોલીસે જણાવ્યું હતું.

# જંગલેશ્વરમાં ડાઘીયા કુતરાનો ત્રાસઃ બાળકીને છ કુતરાઓએ ઘેરી લીધી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના જંગલેશ્વરમાં સપ્તાહ પૂર્વે એટલે કે સોમવારે જંગલેશ્વરમાં પરપ્રાંતીય પરિવારની માસુમ દીકરીને પાંચ ડાઘીયા કુતરાએ ફાડી ખાધી હતી તે પછી મનપા તંત્ર દોડતું થયા બાદ હવે ફરી નિંદ્રાધીન અવસ્થામાં ગરકાવ થઇ ગયું હોય તેવું લાગી રહ્યું છે જંગલેશ્વરના નીલકંઠ પાર્કમાં સવારે છ ડાઘીયા કુતરા બાળકીને ફરી વળતા માંડ જીવ બચ્યો હતો I ણી એ દેકારો કરતા રાહદારીએ લીફ્ટ આપી બાળકીને ઘરે પહોંચાડી હતી.



રાજકોટના જંગલેશ્વરમાં સપ્તાહ પૂર્વે બાળકીને કુતરાઓએ ફાડી ખાધાની ઘટનાનું ગત શનિવારે પુનરાવર્તન થતા સહેજમાં અટક્યુંહતુંજંગલેશ્વરની નીલકંઠ પાર્કસોસાયટી શેરી નંબર ૪માંથી એક બાળકી સવારે ચાલીને જતી હતી ત્યારે અચાનક છ કુતરા ધસી આવ્યા હતા અને બાળકીને ઘેરી લીધી હતી અને ભસવા લાગ્યા હતા ડઘાઈ ગયેલી બાળકીએ દેકારો કરતા અને કરડવા આવેલા કુતરા સામે પડકાર ફેંકતા બચકા ભરવાને બદલે કુતરાઓએ પીછે હટ કરી હતી ત્યારે જ એક બાઈકચાલક નીકળતા દીકરી તેની પાસે દોડી ગઈ હતી અને બાઈકચાલક યુવક બાળકીને ઘરે મુકવા ગયો હતો તંત્રના પાપે વધુ કોઈ પરિવારની ફૂલ જેવી દીકરીનો ભોગ લેવાય તો નવાઈ નહિ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ ગઈ હતી.

# વાંકાનેરના ચકચારી ખુન કેસમાં રાજકોટના પ્રખર ધારાશાસ્ત્રી ભગીરથસિંહ ડોડીયાની સ્પેશ્યલ પી.પી. તરીકે નિમણુંક કરતી ગુજરાત સરકાર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વાંકાનેરમાં રહેતા અમીત ઉર્ફે લાલાની જાહેર રોડ પર હત્યા કરવામાં આવેલ અને જે અંગે તેના ભાઈ હિમાંશુભાઈ ઉર્ફે કાનો અશ્વિનભાઈ કોટેચાએ એવી ફરીયાદ આપેલ હતી કે તેના ભાઈ અમીત ઉર્ફે લાલાભાઈએ તેને વાત કરેલી હતી બે થી ત્રણ દીવસ પહેલા સરફરાજ અને ઈમરાન અવાર નવાર સુરેશના ઘરે આવી ગાળાગાળી કરતા હોય જેથી તેઓએ ગાળા ગાળી કરવાની ના પાડતા આ વાત તેઓને ગમી નહી અને મારી સાથે પણ માથાકુટ કરશે અને તું પણ ધ્યાન રાખજે આવી વાત કરેલી હતી ત્યારબાદ તા.૧૦/૯/૨૨ ના રોજ ફરીયાદી હિમાંશુભાઈ તેના



ઘરેથી નીકળી ફાકી ખાવા જતા હતા ત્યારે તેનો ભાઈ અમીત લાલાભાઈ લેથવાળાને ત્યાં બેઠો હોય અને સરફરાજ અને ઈમરાન તેની સાથે માથાકુટ કરશે તેવું તેની વાતથી જાણવા મળેલ અને તેવી વાત તેને ફરીથી ફરીયાદીને કરેલી હતી.

ત્યારબાદ ફરીયાદીને વિડીયો કોલ આવતા તેઓ ઘરે ગયેલ અને રાત્રીના ૧-૦૦ વાગ્યાની આસપાસ તેના પીતરાઈ ભાઈ વીરલભાઈ બુધ્ધદેવનો ફોન આવેલ અને હાઈવે પર આવેલ અમરનાથ સોસાયટીના નાકે લાલાભાઈ લેથવાળાની દુકાન પાસે બોલાવેલ અને ફરીયાદી ત્યાં ગયેલ અને જોયું તો તેના ભાઈ અમીત ઉર્ફે લાલો લોહીથી લથબથ હાલતમાં પડેલ હતો અને તેઓને બોલાવતા બોલતો ન હતો ત્યારબાદ ૧૦૮ આવી જતા ફરીયાદી તથા તેનો પીતરાઈ ભાઈ વીરલ બુધ્ધદેવ ફરીયાદીના ભાઈ અમીત ઉર્ફે લાલાને દવાખાને લઈ ગયેલ અને જયાં શરીરે જોતા ગુપ્ત ભાગની બાજુમાં છાતીના ભાગે પેટના ભાગે ડાબા હાથમાં અને ગળાના ભાગે ઈજાઓ થયેલી હતી જે અંગેની ફરીયાદ મરણ જનારના ભાઈ હિમાંશુ ઉર્ફે કાનો અશ્વિનભાઈ કોટેચા ધ્વારા કરવામાં આવેલી હતી.

ઉપરોકત ફરીયાદના અનુસંધાને મોરબી જીલ્લાના વાંકાનેર સીટી પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૦૮૬૦/૨૨, તા.૧૧/૯/૨૦૨૨ ના કામમાં આઈ.પી.સી. કલમ ૩૦૨, ૧૨૦(બી), ૩૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ વિગેરે મુજબની ફરીયાદ દાખલ કરેલી અને (૧) ઈમરાન ફારૂકભાઈ છબીબી (૨) ઈનાયત ઉર્ફે ઈનીયો અયુબભાઈ પીપરવાળીયા (૩) સરફરાજ હુશેનભાઈ મકવાણાની અટક કરવામાં આવેલી હતી.

ઉપરોકત કામમાં ફરીયાદી ધ્વારા ગુજરાત સરકારમાં તેઓના આ કેસ માટે ખાસ સરકારી વકીલ એટલે કે સ્પેશ્યલ પી.પી.ની માંગણી કરવામાં આવેલ અને ગુજરાત સરકાર ધ્વારા ઉપરોકત કેસ ચલાવવા માટે રાજકોટના પ્રખર ધારાશાસ્ત્રી ભગીરથસિંહ ડોડીયાની સ્પેશ્યલ પી.પી.ની નિમણુંક કરવામાં આવેલી હતી.

# વસુંધરા સોસાયટીમાં કરિયાણાની દુકાનમાં તસ્કરો ત્રાટક્યાઃ ૧૨,૦૦૦ની રોકડની ચોરી

## બામણબોર પાસે ઓટો રીક્ષામાં વિદેશી દારૂની છ બોટલ સાથે ચાલકની ધરપકડ

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરમાં ઠંડીનો ચમકારો થતાં લોકો ના જાનવર પર તસ્કરોએ દોરો તાણ્યો છે ત્યારે વસુંધરા સોસાયટીમાં કરીનાની દુકાનમાં તસ્કરો ₹૧૨,૦૦૦ મત્તા નો હાથ ફેરો કરી ગયા છે.

આ બાબતે ગાયકવાડી શેરી નંબર ૯ માં આવેલ ગાયત્રી દર્શન એપાર્ટમેન્ટમાં રહેતા વેપારીએ ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે વસુંધરા સોસાયટીમાં તેઓની વિશાલ માર્ટ નામની દુકાનમાં ગઈ રાત્રીના કોઈ અજાણ્યા શખ્સોએ પત્ર તોડી અંદર ઘૂસી જાય ગલ્લામાંથી રૂપિયા ૧૨૦૦૦ ની રોકડ ચોરી કરી જતા ફરિયાદ નોંધાવી છે બનાવના પગલે ગાંધીગ્રામ પોલીસ મથકના પી.એસ.આઇ જે જી જાડેજાએ ગુનો નોંધી પ્રાથમિક તપાસ શરૂ કરી છે.

જ્યારે અન્ય બનાવમાં એરપોર્ટ પોલીસ ના એસઆઇ જે એલ બાળા તથા કોન્સ્ટેબલ દિવ્યરાજસિંહ સહિત નો સ્ટાફ બામણબોર જીઆઇડીસી પાસે વાહન ચેકિંગ કરી રહ્યા હતા ત્યારે ઓટોરિક્ષામાં વિદેશી દારૂની છ બોટલ લઈ નીકળેલો રીક્ષા ચાલક ની અટકાયત કરી રૂપિયા એક લાખ થી વધુ નો મુદ્દા માલ કબજે કર્યો છે.

# રાજકોટના ઠગે માળીયાના ખેડૂત સાથે કરી રૂા.૭૮.૬૧ લાખની ઠગાઈ

## શો રૂમમાં ભાગીદારી તથા મોરબીમાં સસ્તામાં ફલેટ આપવાના બહાને છેતરપિંડી કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ગઠિયાએ માળીયાના લક્ષ્મીવાસ ગામે રહેતા ખેડૂતને આંટીમાં લઇ તેમના પુત્રને કપડાના શોરૂમમાં ભાગીદારી, મોરબીમાં સસ્તામાં ફ્લેટ આપવાના બહાને તેમજ ઇન્કમટેક્સની અને આરબીઆઈની ખોટી ધમકી આપી ઠગાઈ કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

આ અંગેની માહિતી મુજબ માળીયા(મી)ના લક્ષ્મીવાસ ગામના મનસુખભાઇ છગનભાઈ કાવર ઉ.૫૪ એ રાજકોટના હર્ષ દિનેશભાઇ દવે વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી કે વર્ષ ૨૦૨૩ના માર્ચ- એપ્રિલ મહિનામાં રાજકોટથી એસટી બસમાં બેસીને મોરબી આવતી તેમની પુત્રી હર્ષ દિનેશભાઈ દવે સાથે સંપર્કમાં આવતા મોબાઈલ નંબરની આપ લે કરી આરોપી મોરબીમાં જય ટેલિકોમમાં નોકરી કરતો હોવાની ખોટી ઓળખ આપી મનસુખભાઈની પુત્રીને સસ્તામાં એટલે ૩૫ હજારમાં આઈફોન વેચાતો આપી આ ભેજાબાજે મનસુખભાઈના પુત્રને એપલ અને ગુગલમાં નોકરીની લાલચ આપી નાણાં પડાવી આટલેથી ન અટકી મોરબીના ફ્લોરા-૧૧માં તેમના અમદાવાદના પરિચિતનો ૬૩ લાખનો ફ્લેટ ફક્ત ખોટા દસ્તાવેજથી ૪૮ લાખમાં અપાવી દેવાની લાલચ આપી ઈન્કમટેક્સની ખોટી નોટિસ અને આરબીઆઈની નોટિસ આવી હોય આરબીઆઈએ આરોપી હર્ષની ધરપકડ કર્યાનું કહી વકીલથી છોડાવવા માટે પૈસા મોકલવાનું જણાવી અલગ અલગ સમયે કુલ મળી રૂપિયા ૭૮.૬૧ લાખ બેન્ક મારફતેઓનલાઈન તેમજ આંગડીયા મારફતે મંગાવી છેતરપિંડી કરી હતી.

# શાપર વેરાવળના ગોડાઉન માંથી રૂપિયા ₹૨,૮૫,૦૦૦ની ૧૯ બેટરીની ચોરી

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ ગોંડલ હાઈવે પર આવેલા સાપર વેરાવળ માં ગોડાઉન ધરાવતા અને રાજકોટ સાધુવાસવાણી રોડ પર ગોપાલ ચોક પાસે આદિત્ય હાઈટ્સ માં રહેતા યસ નરેશભાઈ બોટેચાએ શાપર વેરાવળ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે તેઓનું ટાટા કંપની ના આઇસર નું ગોડાઉન ટોક્યાર્ડ શાપર વેરાવળમાં આવેલું હોય જેમાં રાખવામાં આવેલા ટાટા કંપનીના આઇસર ની ૧૯ બેટરીઓ ₹૨,૮૫,૦૦૦ ની કોઈ અજાણ્યા શખ્સો ચોરી કરી જતા ફરિયાદ નોંધાવી છે બનાવના પગલે હેડ કોન્સ્ટેબલ જાડેજાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.